કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૯૧ • જૂન ૨૦૨૩



## છપિયા સૂચિત નૂતન સંકુલ

**છપિયા નૂતન સંકુલની પૂરજોશમાં ચાલી રહેલ કામગીરીમાં આપ સૌનો સહયોગ આવકાર્ય**

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



ગોવિંદપરા ગામે નૂતન મંદિરમાંમૂર્તિ પ્રતિષ્ઠા કરતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



હર્ષદ કોલોની (બાપુનગર) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





બિલિયા ગામે રજત જયંતી પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



જલોયા ( કપડવંજ) ગામે નૂતન મંદિરનું ખાત મૂર્હૂત કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



છપિયામાં પાટોત્સવનાં ઉપલક્ષમાં શ્રી ઘનશ્યામ બાળ ચરિત્ર કથા




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૬ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૯૧ ● જૂન-૨૦૨૩


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ - ભુજ પ્રસંગે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન | ૦૬ |
| ૦૪. | શ્રી સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ છપિયાધામના પરિસરનો નૂતન બાંધકામ દ્વારા વિકાસ | ૧૨ |
| ૦૫. | પાટણ | ૧૩ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૭. | ભક્તિસુધા | ૧૬ |
| ૦૮. | સત્સંગ સમાચાર | ૧૮ |



# અસ્મદીયમ્

સંવત ૨૦૭૯ ના વરસ દરમ્યાન આપણા દેશમાં અને ગુજરાતમાં અવાર-નવાર કમોસમી વરસાદ પડ્યો અને હાલ પણ પડતો રહે છે. ભગવાનની લીલાને કોઈ પાર પામી શકતું નથી. શ્રીહરિ જે કરે તે "મમ હિતનું" એમ આપણે માનવું. હવે અષાઢ સુદ એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ થશે. આપણે શ્રીહરિના સૌ આશ્રિતોએ શિક્ષાપત્રીમાં ભગવાને લખેલા કોઈ આઠ નિયમમાંથી આપણને જે સારું લાગે તે એક નિયમ ચાર માસ માટે જરૂર લેજો. આપણને મહારાજે ખૂબજ સુગમ પડે એવા નિયમો પાળવાના કહ્યાં છે. જેથી અચૂક પાળવા. આપણે તો ભગવાનને ભજીને આપણું શ્રેય અને મોક્ષ સાધી લેવો.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (મે-૨૦૨૩)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખુશેલા (પંચમહાલ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૫-૬ શ્રી સ્વામિનારાયણ મંદિર સરલી (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૧-૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર વાડાસર (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬-૧૭ સર્વોપરી છપૈયાપુર ધામે કથા પારાયણ પ્રસંગે સર્વોપરી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોવિંદપુરા (વેડા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૩ શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર આડેસર (વાગડ-કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૪ બીલીયા શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી પાટો. પ્રસંગે પધરામણી.

૨૬ જલોયા (તા. કપડવંજ) નૂતન મંદિર ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી. ત્યાંથી પોરડા મંદિરમાં આરતી ઉતારવા પધાર્યા.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (મે-૨૦૨૩)

૭ કડી અનમોલવિલા શ્રી સ્વામિનારાયણ મંદિરની શિલાન્યાસ વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. કુડાસણ (ગાંધીનગર) કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૯ મહાદેવનગર ગુરુકુલ પ્રાર્થના મંદિરના ઉદ્દ્ઘાટન પ્રસંગે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદીસણા (તા. કલોલ) પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૨ જડેશ્વરપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી.ટેકનિકલ રોડ) ઘાટલોડિયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭ બીલીયા શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.



# ભુજ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**(૧) પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૩-૦૪-૨૦૨૩ :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આજે સભામાં એક સુંદર દ્રશ્ય જોયું. એક દાતાએ પોતાની જમીન ભુજ મંદિરને દસ્તાવેજ સાથે અર્પણ કરી. ધન્યવાદ છે એ હરિભક્તને, મને એક વાત યાદ આવી ગઈ. મહારાજને જ્યારે અંગ્રેજ સરકારે ઓફર કરી કે તમારું મંદિર કરો. અમારે મંદિર કરવા માટે જમીન ફ્રી આપવાની છે. ત્યારે એ વખતે કંપની સરકાર હતી. મહારાજે દસ્તાવેજ માગ્યો. ત્યારે તેઓએ કહ્યું કે દસ્તાવેજ તો અમારી એબેલીટી (પાવર)માં નથી આવતું. તેના માટે તો લંડન અમારા રાણી પાસેથી મંજૂરી લેવી પડે. મહારાજ કહે, પહેલા મંજૂરી લો, પછી જમીન સ્વીકારીશું. પછી મંજૂરી આવી એટલે દસ્તાવેજ મહારાજને આપ્યો. મહારાજે સ્વીકાર્યો. સર એન્ડ્રુઝ અને ડનલોપની સહી વાળા દસ્તાવેજની એ કોપી આજે આપણા મ્યુઝિયમમાં રાખવામાં આવી છે. ક્યારેક દર્શન કરવા આવો ત્યારે હોલ નં. ૮ માં તેના દર્શન કરજો.

**દસ્તાવેજ બહુ મહત્વની વસ્તુ છે. ભુજ મંદિરનો દસ્તાવેજ પણ અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના નામનો જ થયેલો.** મને કેમ યાદ આવ્યું. હું ઉતારામાં હોઉ કે અમદાવાદ હોઉ, ભુજનો અહેવાલ યુ-ટ્યુબ ઉપર હું નિયમિત જોતો હોઉં છું. ઘણીવાર સ્ટેડીયમમાં બેસીને મેચ જોવી એના કરતા ટી.વી.માં મેચ જોવાનો વધારે આનંદ આવતો હોય છે, એટલા માટે કે ટી.વી.માં નાનામાં નાની, ઝીણામાં ઝીણી વસ્તુ જોઈ શકાય છે. બે દિવસ પહેલા એક સંતે ભુજના સંતોના અચ્યુતદાસજી સ્વામીથી લઈને આજના મહંત સુધી બહુ વખાણ કર્યા કે સંતો બહુ તપસ્વી છે, બહુ ત્યાગમૂર્તિ છે, ભજનિક છે. એક વાત કરવાનું એ સંત ભૂલી ગયા, કદાચ જાણી જોઈને ભૂલ્યા કે એમજ ભૂલી ગયા કે પછી કદાચ રેલો આવતો હોય એટલે ભૂલી ગયા ! શું ભૂલી ગયા ? તો ભુજના એક પણ સંતે એમનું પોતાનું અલગ ટ્રસ્ટ નથી કર્યું, પોતાના નામનો પર્સનલ દસ્તાવેજ નથી કરાવ્યો. **અચ્યુતદાસજી સ્વામીથી લઈને વર્તમાન મહંત સુધી કોઈ પાસે પોતાનું સ્વતંત્ર મંદિર નથી કે પોતાની સ્વતંત્ર સંસ્થા નથી આ તેઓનો મોટામાં મોટો ગુણ છે. હું આ સંતોને સૌથી વધારે માર્કસથી પહેલો નંબર આપું છું.**

તમે આધારાનંદ સ્વામીનો ગ્રંથ જુઓ. એમાં સ્વામીએ ઉલ્લેખ કરેલો છે કે, **મહારાજ એક પણ સંતને જમવાના પોતાના ઉપયોગમા લેવાતા તુંબડા ઉપર કે વાંચવાના પુસ્તક ઉપર સંતોનું નામ લખવા નહોતા દેતા.** શા માટે ? કારણ કે નામથી પછી એમ થાય કે આ તુંબડું મારું છે. આ પુસ્તક મારું છે. **વર્તમાન કાળે સત્સંગી માત્રએ તમારા પૈસાનો દુરુપયોગ ન થાય એ બાબત સજાગ થવાની ખૂબ જરૂર છે.... ખૂબ જ જરૂર છે. જેનો છેડો નરનારાયણદેવ કે લક્ષ્મીનારાયણદેવ સુધી પહોંચતો હોય ત્યાં જ તમે દાન આપો એ તમારા અને સંપ્રદાયના હિતમાં છે.**

અમે ૧૯૭૮ માં અમેરિકામાં આઈ.એસ.એસ.ઓ.ની શરૂઆત કરી ત્યારે બંધારણ એ વખતે એવું હતું કે કોઈપણ સત્સંગી વિદેશથી આઈ.એસ.એસ.ઓ. મારફત ઓફિસિયલ ઈન્ડિયામાં આપણા મંદિરોમાં પૈસા મોકલે એટલે તેઓને ટેક્ષ બેનિફીટ મળતું એવી જોગવાઈ હતી, આજે કાયદાની ખબર નથી. સત્સંગીઓ પૂછતા કે અમે આઈ.એસ.એસ.ઓ. મારફત મંદિરમાં પૈસા મોકલીએ તો રજા આપશો ? અમે કહેતા, જરૂર મોકલો અમદાવાદ, મૂળી, જેતલપુર, ધોળકા, વડતાલ કે ગઢડા મોકલો તો તમે આઈ.એસ.એસ.ઓ.માં આપશો તો આઈ.એસ.એસ.ઓ. જે તે મંદિર ને મોકલી દેશે. **પણ અમારા ગુરુની સ્વતંત્ર સંસ્થામાં મોકલવા હોય તો મોકલવા દેશો ? અમે ચોખ્ખી ના પાડી. એટલે જેઓને આ વાત ન ગમી એ બધા નીકળી ગયા એમાંથી !**

**ભુજના સંતો બહુ પવિત્ર સંતો છે. એમના આશીર્વાદ લેવાથી બહુ રૂડું થાય.** આ સંતો બહુ ધન્યવાદને પાત્ર છે. હું ૫દ પર હતો અને હરિસ્વરૂપ સ્વામી મહંતપદે હતા ત્યારે એક પ્રતિષ્ઠા પ્રસંગે આવેલો. પ્રતિષ્ઠા વિધિ બહુ લાંબો હતો એટલે અમારા માટે એક ખુરશી મૂકી, એક જ ખુરશી મૂકી હતી. ત્યારે અમે સ્વામીને કહ્યું, સ્વામી તમે વૃધ્ધ છો માટે ખુરશીમાં તમે બેસો અમે હાથ ઝાલીને બેસાડી દીધા એ સમયે સ્વામી એટલા રાજી થયા કે તેઓના હાથમાં જે માળા હતી એ અમારા ગળામાં પહેરાવી દીધી. આજે પણ એ માળા મેં સાચવી રાખી છે. બીજો એક પ્રસંગ યાદ આવે છે. મે નજરે જોયેલી વાત છે. બાપૂજી કચ્છમાં પધારેલા તે સમયે આજના જેવી એ.સી. વાળી મોટર ગાડીઓ નહોતી. જીપ ગાડીમાં એક ગામથી બીજા ગામ જવાનું. મુરલી મનોહર સ્વામીને બાપૂજીએ કહ્યું, સ્વામી ! ચાલો અમારી સાથે.

સ્વામી કહે, હું જોડ વિના કેવી રીતે આવું ? બાપુજી કહે, હું તમારી જોડમાં છું ને ! જેમ સહજાનંદ અને મૂળાનંદની જોડ હતી એમ આપણી જોડ ! તમે બેસી જાવ. સ્વામી ગાડીમાં બેસી ગયા. આવો પ્રેમ હતો અને આજે અત્યારે પણ છે.

દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે ગરમીનો સમય હતો અને હું રાત દિવસ ફરતો હતો. એ સમયે મુરલી મનોહર સ્વામી બીમાર હતા અને એમને મને મળવાની ઈચ્છા થઈ. ભુજથી ટેલિફોન આવ્યો કે સ્વામી મને મળવા ઈચ્છે છે એટલે તે સમયે રાતનો ઉજાગરો કરીને પણ તુરત જ હું ભુજ મળવા આવેલો. આપણા ધર્મકિશોર સ્વામી ખૂબ મોટી ઉંમરે મને દંડવત્ કરે. મેં એક વાર કહ્યું, સ્વામી ! આ બધું યોગ્ય નથી થતું, આટલી ઉંમરે તમે દંડવત્ કરો છો એ. **સ્વામી કહે, હું નરનારાયણદેવની ગાદીના આચાર્યશ્રીને દંવડત્ કરું છું. હું દંડવત્ કરીશ તો નાના નાના સંતો દંડવત્ કરશે એટલા માટે હું દંડવત્ કરું છું.** આવા આપણા અદ્‌ભુત વિરલ સંતો હતા અને અત્યારે પણ એ જ પરંપરા છે. **આ સંતો પાસે જે કંઈ પણ છે એ નરનારાયણદેવ ભુજનું છે, એમનું પોતાનું પ્રાઈવેટ કંઈ નથી.**

બાપૂજી બીમાર હતા, ધામમાં જવાના બે-ત્રણ દિવસ પહેલા બાપૂજીને મળવા મહંત ધર્મજીવન સ્વામી અમદાવાદ આવેલા ત્યારે બાપૂજીએ મને કહેલું કે, સ્વામી મને મળવા આવે છે, તેઓ દંડવત કરે એટલે તમે મારા વતી ઉભા થઈને સ્વામીને ઉભા કરી ભેટજો કારણ કે મારામાં અશક્તિ છે એટલે હું ઉભો નહીં થઈ શકું. **આચાર્ય, સંતો અને હરિભક્તોમાં પરસ્પર આવી કટુંબિક ભાવના અને પ્રેમ એ અમદાવાદ દેશની વિશેષતા છે.** અને આવી ભાવના કાયમ જળવાઈ રહે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**(૨) તા. ૨૨-૦૪-૨૦૨૩ (શ્રી મોહન ભાગવતજી સર સંઘ સંચાલકશ્રી RSS ની ઉપસ્થિતિ) :** आपकी **(મોહન ભાગવતજી)** उपस्थिति से हमारे ये पंडाल में चार चांद लग गये । **आप को हम चाहते है, इसलिये नहि कि आप देश के बडे नेता है। इस लिये चाहते है कि आप भगवान को चाहते है। स्वामिनारायण संप्रदाय आचरण का संप्रदाय है । शुद्धआचरण और शुध्ध विचार का ये संप्रदाय है ।** कोई **Orthodox** (જુની માન્યતાઓને દ્રઢપણે માનનાર) **संप्रदाय नही है । इस कारणवश करीब दो सौ वर्ष के बहुत छोटी समय अवधि में पूरे विश्व में ये संप्रदाय व्यापक बन गया है ।** एक बार लंडन में एक सभा में हम उपस्थित थे तब वहाँ के चर्च के धर्माधिकारी लोग आये थे । सभा को देख के कहने लगे, हमारी सभा में सब बुढे बुढे लोग आकर बैठते है और आपकी सभा में सब यंत्र लोग बैठे है, जो चलना भी नही सिखे ऐसे छोटे छोटे बालक आगे बैठे हैं ।

मुझे एक प्रसंग याद आया । एक मोगल बादशाहने अपने शाहजादे को पूरे लश्कर के साथ राजस्थान सर करने को भेजा । लश्कर ने एक खेत में पडाव डाला । अपने सब घोडे को ये खेत में चरने के लिये छोड दिए । बाद में खेत मे एक टटिया पर बैठे हुए एक बुढा आदमी को ये लोग पूछने लगे कि क्या ये खेत में हम हमारे घोडे चरा सकते है ? ये बुढा किसानने कहा, नहीं । दो खेतर छोड के जो खेतर है वो खेतरमें आप प्रेम से चरा सकते है । लश्करने कहाँ, ऐसा क्युं ? तब खेतरके किशानने कहाँ, क्योंकी यह खेत मेरा नही है । दुसरे के खेत में आप घोडे कैसे चरा सकते है ? मैने जो कहाँ वो खेत मेरा है । यह घटना देख के शाहजादाने अपने पिता बादशाह को पत्र लिखा कि ये देश में ऐसी संस्कृति है तब तक इस देश को हम जीत नही सकते ।

यह हमारी संस्कृति है और स्वामिनारायण संप्रदाय यह संस्कृति का जतन करता है । **आप देश विदेशमें कहीं भी जाओ, आप देरव सकते है कि हमारे बालक जो चलने सीरवे है वो मंदिर में आकर देव को दंडवत करते है । हमारे यह संत देश विदेश में और गाँव गाँव में जाकर ये संस्कारो का सिंचन करते है । व्यसन मुक्त जीवन जीने का सब को उपदेश देते है । ये सब हमारी फेमिली है । ये मूल संप्रदाय खुद स्वामिनारायण भगवानने स्थापित किया है । और वो परंपरा में हम उन्ही के वंशज है । हमारा छठ्ठा क्रम है, ये(પ.પૂ. મહારાજશ્રી) सातवाँ और आठवाँ लालजी महाराज पहले दिन आकर गये और कल फिर से आयेंगे**

जैसा आपका सरनेम है ऐसा ही आपका गुण है । ये महोत्सव में हम आपका प्रेम से स्वागत और अभिवादन करते है । हमारे सब प्रसंग में आप अवश्य पधारिये ये शब्दो के साथ मेरी वाणी को विराम ।

**(૩) તા. ૨૫-૦૪-૨૦૨૩ :** ઘણા વર્ષો પહેલાની વાત છે. મંદિરમાં સવારે ઓફિસમાં અમે બેઠા હતા. એક સત્સંગી આવ્યા અને કહે, વચનામૃતમાં આ જે આત્મબુધ્ધિની વાત છે એની સમજણ મને પાડો. હું મંદિરના કાર્યમાં થોડો વ્યસ્ત હતો એટલે કહ્યું, થોડીવાર બેસો. એટલામાં બીજા એક હરિભક્ત આવ્યા, કહે, મારા પગરખા

જતા રહ્યા, ચોરાઈ ગયા. કમિટીએ, મહંત સ્વામીએ ધ્યાન આપવું જોઈએને ? વ્યવસ્થા કરવી જોઈને? આવું કેમ ચાલે ? મારા પગરખા બહુ મોંઘા હતા એ સમયે જેણે આત્મબુદ્ધિનો પ્રશ્ન કહેલો એ ભાઈ પેલા હરિ ભગતને સમજાવવા લાગ્યા કે તમારા પગરખાનું તમારે ધ્યાન રાખવું જોઈએ ને ? મંદિર શું કરે એમાં ? થોડીવાર થઈ એટલે સમાચાર આવ્યા કે આત્મબુદ્ધિનો પ્રશ્ન કર્યો એ ભાઈના પણ પગરખા ચોરાઈ ગયા. એટલે એ ભાઈનો ટોન બદલાઈ ગયો. એ પણ કહેવા લાગ્યા કે મંદિરે વ્યવસ્થા કરવી જોઈને ? આવું કેમ ચાલે ? મેં કહ્યું, તમને આત્મબુદ્ધિ કોને કહેવાય તેનો જવાબ મળી ગયો ને? આ વાત એટલા માટે કરી કે આત્મબુદ્ધિનું જીવતું જાગતું દ્રષ્ટાંત જોવું હોય તો એ આ ઉત્સવમાં જોવા મળે છે. હરિભક્તો કહે આ અમારા સંતો, સંતો-ભક્તો કહે આ અમારું મંદિર, અમારા નરનારાયણદેવ, અમારો કચ્છ દેશ, આવી આત્મબુદ્ધિ સ્વરૂપનું આ ઉત્સવમાં તાદ્રશ્ય દર્શન થાય છે. **તમને સૌને અમારા પ્રત્યે જે આત્મબુદ્ધિ છે અને અમારો જે ખપ છે એના કરતા પણ અધિક આત્મબુદ્ધિ અને ખપ અમને સૌ સંતો-ભક્તો પ્રત્યે છે.**

જેતલપુરનું પાંચમું વચનામૃત, મહારાજે એક વચન બહુ જ મહત્વનું કહ્યું છે. મને બહુ ગમે છે. બહુ મોટું વચન છે. મહારાજ કહે, અમે નરનારાયણદેવ પધરાવ્યા એનું હાર્દ તમને કહેવું છે. કેમ પધરાવ્યા એની Secret (છૂપી વાત) તમને કહેવી છે. **મહારાજ કહે, અમે વારે વારે શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ, તેનું તો એ જ હારદ છે જે, શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તે જ આ સભામાં નિત્ય વિરાજે છે, તે સારું મુખ્યપણું લાવીએ છીએ અને તે સારુ અમે અમારું રૂપ જાણીને આ નરનારાયણદેવ પધરાવ્યા છે. એમાં અને અમારામાં લેશમાત્ર ફરક નથી. તમે જો અમારું આ વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું અને એમ જાણજો જે, અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. મહારાજે જવાબદારી લીધી છે, મહારાજ પાછા કડક પણ એટલા જ એટલે પછી એમ બોલ્યા કે જો ન મનાય તો અમારે અને તમારે કોઈ લેણાદેણા નથી. ચોખ્ખી વાત કરી દીધી છે.** એવા નરનારાયણદેવ આપણને મળ્યા છે માટે દ્રઢ આશરો રાખજો. સંતોએ પણ કહ્યું, **નરનારાયણદેવની મૂર્તિ વિના પૂજા અધુરી છે. પ્રથમના ૪૮ માં વચનામૃતમાં પણ મહારાજે આ જ વાત કરી છે.**

આ ઉત્સવ પાછળ જે આયોજન છે તેમાં ભુજના મહંત સ્વામી, યુવાન સંતો, કમિટી અને હરિભક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું. કંઈક સારું મિષ્ટાન્ન જમ્યા હોઈએ પછી ૨-૪ ગ્લાસ પાણી પી જઈએ તો પણ કલાકો સુધી એ મિષ્ટાન્નનો સ્વાદ જીભ પર રહેતો હોય છે. એમ **આ ઉત્સવમાં સૌને એવી મઝા આવી છે કે વર્ષો સુધી આ ઉત્સવનો સ્વાદ રહેશે.** માંડવીનું મંદિર થતું હતું. સભામાં મુરલીમનોહર સ્વામી હતા, હું પણ હતો. ફંડ માટેની પ્રેરણામાં સ્વામીની રીત બહુ અલૌકિક ! સભામાં નામ સાથે સ્વામી ચોખ્ખું કહી દે કે મનજીભાઈ તમારે આટલા આપવાના, કાનજીભાઈ તમારે આટલા આપવાના. કોઈ ના ન પાડે. સ્થિતિ જોઈને પ્રેરણા કરે. સ્થિતિ ન હોય તો સામેથી ના કહી દે. એક હરિભક્ત આવ્યા. કહે, સ્વામી ! મારે આટલું દાન આપવું છે. સ્વામી કહે, સાચું બોલ. આ પૈસા તું તારી ભેંસો વેચીને લાવ્યો છો ને ? આ દાન તારી કેપેસીટી બહારનું છે. માટે આ પૈસા પાછા લઈજા. સંતોના આવા પ્રયાસથી આવા મંદિરો અને આવા ઉત્સવો થતા હોય છે.

સંપ્રદાય અમારું કુટુંબ છે. સંપ્રદાયની ઉન્નતિ અને પ્રગતિની જવાબદારી મહારાજે સ્વયં લીધી છે. એટલે નરનારાયણદેવની છત્રછાયા નીચે ઉન્નતિ-પ્રગતિ થતી રહે, ભુજની કમિટી દ્વારા આવા ઉત્સવો થતા રહે, મહંત સ્વામી મારા કરતા દસ વર્ષ મોટા છે, તેઓનું સ્વાસ્થ્ય સારું રહે, મહારાજ તેઓને દીર્ઘાયુષ આપે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૨૫-૦૪-૨૦૨૩ :** જે સમયની આપણે ઘણા બધા વર્ષોથી ખૂબ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા કે નરનારાયણદેવનો દ્વિશતાબ્દી મહોત્સવ ભુજના આંગણે ઉજવાય અને લાખોની સંખ્યામાં હરિભક્તોને નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા દ્રઢ કરવાનો લાભ મળે અને જ્યારે આજે નવ-નવ દિવસ સુધી ગુજરાત અને ગુજરાતની બહાર તેમજ વિદેશથી લાખોની સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા છો ત્યારે દરેકના હૃદયમાં એક જ ભાવ છે કે કઈ રીતે નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા વધુ ને વધુ દ્રઢ કરી શકાય અને **દરેક સંતો-બન્ને દેશના સંતોએ પ્રવચન આપીને એક જ વાત કરી કે સ્વામિનારાયણ ભગવાન એ નરનારાયણદેવનું સ્વરૂપ નથી પણ નરનારાયણદેવ સાક્ષાત્ છે.** મહારાજે સૌ પ્રથમ નરનારાયણદેવને બાથમાં લઈને અમદાવાદમાં પધરાવ્યા. પછી ભુજમાં નરનારાયણદેવ પધરાવ્યા. **આપ જોશો કે દરેક જગ્યાએ મહારાજે અને ૨૭૩ વચનામૃત મહારાજે કહ્યા છે એમાં પણ દરેક જગ્યાએ મહારાજે મહાપ્રતાપી નરનારાયણદેવનો મહિમા ગાયો છે. સ્વામિનારાયણ ભગવાને દેવના ઉંબરા ઉપર ઉભા રહીને આપણને સૌને કહ્યું છે કે અમારામાં અને આ નરનારાયણદેવમાં લેશમાત્ર કોઈ ભેદ જાણશો નહિ. આપણે સૌ એ દેવના આશ્રિત છીએ. દીકરા-દીકરીઓ છીએ. માટે આપણા**

**દરેકના હૃદયમાં અહોનિશ ખુમારી હોવી જોઈએ કે આ દેવ આપણને મળ્યા છે.**

કચ્છનો ઈતિહાસ જોઈએ તો મહારાજ ૩૦ વર્ષ ગુજરાતમાં રહ્યા એમાંથી સાત વર્ષ તો મહારાજે આ કચ્છ દેશમાં વ્યતિત કર્યા છે. ખૂબ વિચરણ કર્યું છે. કચ્છના ભાવિક ભક્તોએ મહારાજને મંદિર નિર્માણ માટે પ્રાર્થના કરી ત્યારે મહારાજે વૈષ્ણવાનંદ સ્વામીને મંદિર નિર્માણની જવાબદારી સોંપી. સ્વામીએ ખૂબ ટૂંકા સમયમાં મંદિરનું નિર્માણ કર્યું, જે આજે આપણે પ્રસાદી મંદિર તરીકે દર્શન કરી રહ્યા છીએ. પછીનો ઈતિહાસ જોઈએ તો અયોધ્યાપ્રસાદજી દાદા અવાર-નવાર, વડીલ સંતોના મુખેથી સાંભળ્યું છે એ મુજબ આઠથી વધારે વાર ભુજમાં પધાર્યા છે. અને નરનારાયણદેવની બાજુમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા અયોધ્યાપ્રસાદજી દાદાએ સ્વહસ્તે કરી છે. અને આપણે બધા ખૂબ ભાગ્યશાળી છીએ કે ત્યાર પછી વાસુદેવપ્રસાદજી દાદા હોય કે દેવેન્દ્રપ્રસાદજી દાદા હોય તેઓએ ભુજમાં આવીને સત્સંગ મજબુત કર્યો છે. અને દરેકને નરનારાયણદેવની નજીક જોડ્યા છે. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. મહારાજશ્રીનું દર્શન તમે સૌ કરી રહ્યા છો. કચ્છ દેશમાં તેઓશ્રીનું વિચરણ આપણે સૌ જાણીએ છીએ. **પ.પૂ. મહારાજશ્રીની કચ્છ-ભુજના સત્સંગ પ્રત્યેની આત્મીયતા અને પ્રેમ, સંતો પ્રત્યે હૂંફ, હરિભક્તો પ્રત્યે પોતાપણું અને લાગણી મેં નાનપણથી જોઈ છે. આ ગુણ અમારા પરિવારમાં વારસાગત આવે છે.**

આપ સર્વે સંતો-હરિભક્તોના સહકાર અને મહેનતથી આ ઉત્સવ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો છે. ત્યારે આપણે સૌ ગર્વની લાગણી અનુભવીએ છીએ. માત્ર ધનથી જ નહી પરંતુ ઉત્સવમાં જે કંઈ નાની મોટી સેવા કરી હોય, આટલી ગરમીમાં રહીને લોકોને પાણી પીવડાવવું એ પણ બહુ મોટી સેવા છે. દેશ વિદેશથી આવેલા દરેક હરિભક્તોને કોઈ અગવડ ન પડે, સારામાં સારી સુવિધા મળે એ માટે આપ સૌએ ખૂબ ભાવ સાથે મહેનત કરીને સેવા કરી છે. મુખ્ય યજમાનો હોય કે ગમે તે સેવા કરી હોય તે દરેકને સત્સંગ કરવાનું બળ વધે, નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા અને શ્રધ્ધા વધે એવું બળ આપણને બધાને આપે એવી આજના પવિત્ર દિવસે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મહારાજશ્રી : (૧) તા. ૧૮-૦૪-૨૦૨૩ :** બસો વર્ષ પહેલાનો ઈતિહાસ આપણે જોઈએ. તો મહારાજે પોતાના કરકમળોથી આ નરનારાયણદેવ પધરાવીને, આરતી કરીને સત્સંગ સમુદાયના હિત માટે આપણને આપ્યા છે. આપણા જેટલા ભાગ્ય કહીએ એટલા ઓછા છે. નેતિ.... નેતિ કરીને ખોવાઈ જવાય એવું છે. પ્રશ્ન ચિન્હ' કરીને પ્રશ્ન મૂકવામાં આવે કે દેવ ન હોત તો ? આપણે કોણ હોત અને ક્યાં હોત ! તમે અને અમે બધા ! ભગવાન ન મળ્યા હોત તો ? મોટામા મોટો પ્રશ્ન છે. **ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળ સુરક્ષિત રાખવા માટે આ નરનારાયણદેવનો આશરો જરૂરી છે. એ સિવાય બીજો કોઈ આશરો નથી. ભૂતકાળમાં આપણા વડીલો દેવના થઈને રહ્યા છે, વર્તમાનકાળે આપણે દેવના છીએ અને ભવિષ્યમાં રહેવાનું છે. એનાથી જ આપણે સુખી છીએ. બીજો કોઈ વિકલ્પ નથી.** વડીલ સંતોએ ખૂબ ભજન કર્યું છે. અમે જાતે જોયું છે. તમારા વડવાઓએ પણ એટલું જ ભજન કર્યું છે. એના લીધે આપણે સુખિયા થયા છીએ.

મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું, लिखामी सहजानंद स्वामी सर्वान्निजाश्रितान् । नाना देश स्थितान् शिक्षापत्री वृतालय स्थितः ॥ નાના પ્રકારના જે સર્વે દેશ, તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી... આ નાના દેશ એટલે ક્યા દેશ ? તમે અહીં જે દૂર દેશથી આવ્યા છો એજ દેશ ! ૨૨૫ વર્ષ પહેલા મહારાજે વિચાર કરીને આ લખી દીધું છે. ત્યારે કંઈ નાના-નાના દેશ નહોતા. **આપણા સૌનું હિત થાય એટલા માટે મહારાજે આ શિક્ષાપત્રી, આ દેવ અને આ મંદિરો આપણને આપ્યા છે. મહારાજ કહે, મારી વાણી એ મારું સ્વરૂપ છે. માટે મહારાજના વચનમાં રહીએ. એ સ્વરૂપને પ્રત્યક્ષ જાણીને માનીએ અને પૂજીએ.**

આ ઉત્સવ મારો નથી, માત્ર મહંત સ્વામીનો કે બીજા કોઈ સંતોનો નથી આપણા બધાનો આ ઉત્સવ છે. **નરનારાયણદેવનો આ ઉત્સવ છે માટે જેને ઉત્સાહ જાગે એનો ઉત્સવ.** આપણે જોવાનું કે કોને કોને ઉત્સાહ જાગે છે ? આ દેવ મળ્યા છે એટલા માટે આપણું અસ્તિત્વ છે. આ વાતનું હંમેશ સજાગપણું રહે એની તકેદારી રાખજો. સૌનો ઉત્સાહ અને ઉમંગ છે એટલે દેવ રાજી રહ્યા છે અને રહેશે. ઉત્સવ પૂરી રીતે માણવાનો છે. દરેક રીતે તેનો અનુભવ કરવાનો છે. **એક અમૃતનું બિંદુ મળી જાય ને તો પણ અમર થઈ જવાય. એના માટે કંઈ આખા ઘડા ભરીને પીવાના ના હોય. એમ આમાંથી કંઈક ગુણ બુદ્ધિ મળશે તો જીવન આપણું સાર્થક થઈ જશે.**

સંતો-ભક્તો અહીં ઉપસ્થિત છે. મહંત સ્વામી અને વડીલ સંતો છે. અને અમને એજ પંક્તિમાં બેસાડ્યા છે (આયોજકોએ આચાર્ય પદની ગરિમા ક્યારેય ભૂલવી ન જોઈએ, સંપ્રદાયનું સર્વોચ્ચ પદ છે) એમના વતી તમને ખાસ ભલામણ છે કે ઉત્સવને માણજો, વારે વારે આવવાનો નથી. અત્યારે આપણા ભાગમાં આવ્યો છે ત્યારે બહાર ઉભા ન રહીએ. નદીમાં ડૂબકી મારી લઈએ. આમા જોડાઈ જઈએ.

૨૦૦ વર્ષ થયા અને ૨૦૦ વર્ષ પછી જોવાનું કે દીકરા-દીકરીઓમાં સત્સંગ અને સંસ્કાર રહે તેની તકેદારી રાખવાની છે. એના માટે નવ દિવસની આ કર્મભૂમિ છે. લાવ્યા છીએ એમાંથી કેટલું ઉગે છે એના માટે આ કાર્ય કરી રહ્યા છીએ.

ઉત્સવ સાંગોપાંગ થવાનો છે કેમ કે ઉત્સવ દેવનો છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બધા ઉત્સવો એક પછી એક મોટા જ થાય છે. કોઈ ઉત્સવ નાના થતા નથી. માટે નરનારાયણદેવના આ ઉત્સવ માટે ગર્વાન્વિત થઈએ. દેવના દર્શન થાય એનાથી મોટી બીજી પ્રાપ્તિ શું છે ? માટે હું પણ વહેલો આવી ગયો છું. દેવને રાજી કરવા માટે યુવાન સંતો કે ભક્તો જે કોઈ આ ઉત્સવમાં એક ભાગ થયા છે તે સૌને ધન્યવાદ. નરનારાયણદેવ આપ સૌના જીવમાં રહીને મંગલ કરે, હિત કરે, કલ્યાણ કરે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**(૨) તા. ૨૧-૦૪-૨૦૨૩ (ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિ)** : સૌ પ્રથમ તો આપ સૌ સંતો અને હરિભક્તોના દર્શન કરી ખૂબ આનંદ પ્રાપ્ત થાય છે. હૃદયમાં એક હરખ ઉભરાય છે કે આ વિસ્તારના આપણા સર્વે હરિભક્તોનું પોષણ થાય એવા ધાર્મિક અને સામાજિક કાર્યો મહંત સ્વામી અને સંતો દ્વારા થઈ રહ્યા છે. હમણા જ સ્વામીએ જાહેરાત કરી તે મુજબ હજારોની સંખ્યામાં મેડીકલ એડ આપણને બધાને મળી છે. ખૂબ આપણે ભાગ્યશાળી છીએ.

હર્ષભાઈનું ખૂબ સ્વાગત છે. આપણા ઘરના જ છે. ખૂબ warm (હોંશીલા, માયાળુ) હૃદયથી રાખે છે. હર્ષભાઈ, Wel Come, Once again આપણા H. M. (Home Minister) છે. અને ખૂબ ધગશ, પ્રેમ, લાગણી આપણા સંપ્રદાય પ્રત્યે, દરેક માણસો પ્રત્યે, માનવતા પ્રત્યે રાખે છે. આખી ટીમ ખૂબ ધગશથી કામ કરી રહી છે. નજીકથી હું જાણું છું. એટલે એ આપણા સૌ માટે ગર્વની બાબત છે. આપણે એમને uphold (ટેકો) કરીએ. ખૂબ કિંમતી ટાઈમ લઈને આપણી વચ્ચે આવ્યા છે. ખૂબ આભાર.

દેશ વિદેશથી સૌ આવ્યા છે. યુગાન્ડાની હમણા ટીમ આવી, મેં જોયું, કેન્યા, લંડન, ઓસ્ટ્રેલીયા, દુબઈ ultimate from all over આપણે એક પરિવારની રીતે ભેગા થયા છીએ. પરિવાર સમજવાનો નથી, પરિવાર છીએ. આપણો બાપ એક ભગવાન છે. આપણે સૌ એમના દીકરા-દીકરીઓ છીએ. ખાસ કરીને આપણા આ ઉત્સવમાં એક ભાગરૂપ થઈ, મહંત સ્વામી તથા સંતોના આ સંકલ્પમાં માત્ર ૯-૧૦ દિવસ માટે નહી, પરંતુ આજીવન કાર્ય કરતા રહીએ એવી મારી ઈચ્છા છે અને મહારાજના ચરણોમાં પ્રાર્થના છે. અફકોર્સ, હર્ષભાઈ ઘણી જવાબદારીમાંથી ભાગદોડ કરીને અહીં આવ્યા છે ત્યારે વધારે સમય નહી લેતા, હર્ષભાઈ, comedown and બે શબ્દો કહેશો. please, Thanku.

**(૩) તા. ૨૬-૦૪-૨૦૨૩** : જય સ્વામિનારાયણ. જમવાનું મળશે, મજબુતાઈ રાખો. ભગવાનનું બળ હોય ને એ બળ બધું તારે છે. આપણે સુખિયા છીએ અને સુખિયા થવાના છીએ. બધું કરવાનું છે. પણ એ ભગવાનના બળે કરીને કરવાનું છે. ખૂબ સુંદર આપણો આ ઉત્સવ થઈ રહ્યો છે, પૂરો નથી થયો. ભલા થઈને એવું જાણશો જ મા કે ઉત્સવ પૂરો થયો છે.

પછી પૂ. મહારાજશ્રીએ ગંગા સ્નાનના દ્રષ્ટાંતની વાત (જે અગાઉ પ્રકાશિત થઈ ગયેલી છે) કરીને કહ્યું કે જેમ ગંગા સ્નાન પછી ગંગા નદીને અંતરમાં લઈને ઘેર લઈ જવાથી પાપ રહિત થવાય છે, ફરી પાપ વળગતું નથી તેમ આ ઉત્સવમાં તમે જે સ્નાન કર્યું છે તે ઉત્સવના પોટલા બધા અહીં મૂકીને નથી જવાનું પરંતુ ઉત્સવને તમારા ઘર સુધી લઈ જવાનો છે. આ નરનારાયણદેવને, આ ઉત્સવને અંતરમાં રાખી તમારા ઘર સુધી પરિવારમાં લઈ જશો તો એની સાચી પ્રાપ્તિ થવાની છે. તમારા વડીલોએ જે આપ્યું છે એ તમારે તમારા દીકરા-દીકરીઓને આપવાનું છે. ત્યારે આપણો આ ઉત્સવ, આપણો આ સમૈયો અને આપણો આ જગન સાર્થક થશે.

દેવના દર્શન થયા, સંતો-ભક્તોના દર્શન થયા. ખૂબ આનંદ થયો, ખૂબ હરખ થયો. આ રસ અને આ આનંદ એ ભગવાનનો છે. અને એ હરખ માણીને આપણે જીવન જીવવાનું છે. આ સંતો તમારા જીવનમાં એટલા માટે ફેરફાર કરી શકે છે કે **તેઓ માત્ર ભજન નથી કરતા, ભજન તો અઢળક કરે જ છે. પરંતુ સાથે સાથે આ ચોવીસીના નાના ગામડાઓમાં જઈને પાવડા તગારા માથે ઉપાડીને તેઓએ મંદિરો ઉભા કર્યા છે અને તેનાથી આગળ વ્યક્તિ વ્યક્તિ ના હૃદયમાં મંદિરો કર્યા છે.** હું વડીલ સંતો પાસે બેઠો હોઉં ત્યારે સામેથી પૂછીને વાત કઢાઉં કે આ ગામનું શું છે ? આ મંદિરનો શું ઈતિહાસ છે ? એટલે સંતો વાતો કરે કે આ મંદિર આવી રીતે થયું હતું. ઈતિહાસ જાણવો એ આપણી મૂડી છે, આપણી સાચી સંપત્તિ છે. એટલે આ સંતો દ્વારા ખૂબ પોષણ થાય છે. દેશો દેશ તથા ચોવીસીમાં પછી એ અબડાસાના હરિભક્તો હોય કે વાગડના હરિભક્તો હોય દરેક નાનામાં નાના હરિભક્તોનું તેઓ ધ્યાન રાખે છે. એકેય ખૂણામાં તેઓ ક્યાંય બાકી રાખતા નથી. આ બાબત ખૂબ અગત્યની, અદ્વિતીય અને ખૂબ સરાહનીય છે. તમે સૌએ

તન, મન અને ધનથી જે સેવા કરી છે જેમાં ઘણા અહીં દેખાતા પણ નહીં હોય, મને ઘણા હરિભક્તો ફોટા મોકલતા હતા. કલ્પના ન કરી હોય. એવી સેવા પડદા પાછળ રહીને ઘણાએ કરી છે. એની પાછળનું કારણ હોય તો એ છે કે એ સેવા તમે ભગવાન અને ભગવાનના ભક્તોને રાજી કરવા કરી છે. તેના સર્ટીફીકેટ મારે નથી આપવાના. નરનારાયણદેવ સર્ટીફીકેટ તમને આપશે.

**આ નરનારાયણદેવ બહુ બળિયા છે. એનાથી અધિક કંઈ છે નહીં. આપણું જીવન છે એ એ જ છે. માટે એમને રાજી કરવા.** હમણા સ્વામીએ ગાયું ને કે હું ચાકર નરનારાયણદેવનો.... આપણે પહેલા દાડિયા રાખતા આપણા ખેતરોમાં. હવે જડતા નથી. ચાકર એટલે વેચાણ થઈ ગયા કહેવાય. **હું અને તમે બધા દેવના વેચાણ છીએ, ચાકર છીએ. દેવનું આપેલું અનાજ ખાઈને જીવીએ છીએ. આપણું અનાજ ખાઈને જીવતા નથી.** ઉત્સવ એ આપણી શોભા વધારે છે. આપણા માટે છે. દેવની જે મોટપ છે એ આપણે વર્ણવી શકીએ તેમ નથી. આમાંથી આપણે શીખ લઈને આગળ વધવાનું છે.

તમે બધા ધંધા કરો છો, ખબર નહી, અલગ-અલગ પ્રકારના બિઝનેસની વાત કરું છું. તેના મહત્વના સર્ટીફીકેટ હોય, શેર સર્ટીફીકેટ હોય એ તમારા લોકરમાં સાચવીને રાખો છો કે નહી ? ન રાખતા હોય તો ના પાડી દો, આંગળી ઉંચી કરો. કોઈની આંગળી ઉંચી નહીં થાય ! અરે ! એક નાનું ખેતરું હોય તો તેના ૭-૧૨ ના ઉતારા પણ લોકરમાં રાખો છો ને ? તો આપણી ચેરિટીની એક ઓફિસ કોપી ભુજ મંદિરમાં મોકલવાની તમારી ફરજ બને છે.

આ ઉપરાંત સ્વામીને મેં ત્યાં સુધી કહ્યું કે **કચ્છ ચોવીસીના જે મંદિરો છે એને પણ વાત કરી સમજાવીને ભુજ મંદિરની ઓફિસમાં તેના દસ્તાવેજ સર્ટીફીકેટ રાખો.** ભલે કોઈ મંદિર સ્વતંત્ર ન હોય, ટ્રસ્ટ હોય તો પણ ભવિષ્ય આપણું શું છે ? કારણ કે દરેક ટ્રસ્ટ કહેવા ખાતર જ કહેતા હોય છે કે અમે તમારા છીએ. લાવો લખીને આપી દો. કોઈ લખતું નથી. **મારો નિયમ છે કે બધાએ સમયથી સુઝી જવાની જરૂર છે. દેવના થઈને રહીશું તો ૨-૪ પેઢી પછી પણ બચ્યા રહીશું.** નહી તો અમને કે તમને કોઈને ખબર નથી કે આગળ શું આવવાનું છે ? ખાલી વાતોથી નહીં ચાલે, કામ કરવું પડે છે. **દેવનું હોય એ જ આપણું છે.** તકેદારી રાખવી એ સંસ્કાર બાપજીએ આપેલ છે.

ત્રીજી અગત્યની વસ્તુ એ છે કે, હમણાં એક રામપરાના હરિભક્તે આવીને પોતાની પ્રસાદીની જમીન દસ્તાવેજ સાથે નરનારાયણદેવને અર્પણ કરી. ધન્ય છે એ હરિભક્તને, કારણ કે આજે જમીનો માટે ખૂન થઈ જાય છે. ત્યારે આ હરિભક્તે જીવના ટૂકડાની જેમ સાચવેલી પોતાની જમીન દેવને આપી. **સમગ્ર ભુજમાં પ્રસાદીની જગ્યા ભલે નાની હોય, ખેતરા નથી જોઈતા, ૧૦ X ૧૦ ફૂટની જગ્યા હોય તો પણ એ ભુજ મંદિરના નામે હોવી જોઈએ, હોવી જોઈએ ને હોવી જ જોઈએ.** પ્રસાદીની એ જમીનની કોઈ કિંમત નથી પણ એ મંદિરની હતી અને મંદિરની રહેવી જોઈએ. આ માટે ખાલી સંતો મહેનત કરે એવું નહી, આપણે મહેનત નથી કરવાની ? માત્ર મહંત સ્વામીની જવાબદારીમાં પણ આ નથી આવતું. આપણા બધાની સહિયારી જવાબદારી છે. જરૂર પડશે તો મંદિરમાંથી કિંમત ચૂકવી દઈશું. પણ એ દેવની હોવી જોઈએ. આ વાત સૌએ અંતરમાં દ્રઢ કરવાની છે. આ ત્રણેય વાતો જીવનમાં ઉતારવાની છે.

હું કથા કરવા નથી આવ્યો. કથા સ્વામીએ કરી અને કથા પણ બહુ મહત્વની છે. **કારણ કે આપણી કથા ભગવાનની હોય છે. ભગવાનના મહિમાની વાતો હોય છે એટલે એ પણ જીવમાં કોતરીને, કારણ શરીરમાં ઉતારીને રાખવી.** પણ મેં વહીવટની વાત કરી તો તકેદારી રાખવી અને ખાસ ચોવીસીમાં જેટલી પણ જગ્યા છે, સંકુલો છે એ દેવ નીચે આવે અને જે પણ નાના મોટા કાર્યો થાય એ દેવની છત્રછાયામાં થાય ગમે તેમ કરીને પણ ! આવો મારા અંતરમાં ઉમળકો આવે છે અને આમાં પ્રયત્નશીલ રહેશો તો ભગવાન તમને અને તમારી ભાવિ પેઢીને સુખિયા કરશે. તો ખટકો રાખવાની જરૂર છે. હું બોલી શકું છું તો કેવી રીતે બોલી શકું છું ઉપરથી આવ્યું ! હોય તો ને ? ક્યાંથી આવે છે ? કૂવામાં હોય તો હવાડામાં આવે. રૂપિયો હોય એવું પરચૂરણ નીકળે. મહારાજ વખતથી છ પેઢીથી મળતું આવ્યું છે. ભગવાનના બળે કરીને બોલી શકું છું. વ્યક્તિગત સ્વભાવ દોષ દરેકને હોય શકે.

ઘણા ભક્તોને મળવાનું થયું. ઘણા મળી શક્યા નથી તો પણ અંતરથી ભેગા છીએ. છૂટા નથી પડી ગયા. આવી રીતે જો આગળ વધતા રહીશું તો હંમેશને માટે મહારાજ આપણી ભેગા રહેશે. પછી કંઈ કરવાનું રહેતું નથી પરંતુ ભગવાન રાજી કરવા નરનારાયણદેવ મળ્યા છે તેની ખુમારી ન જાય એ તકેદારી આપણે રાખવાની છે. બધા રાજી હશો. ઉત્સવ લઈને જજો.

નરનારાયણદેવની જય !
નરનારાયણદેવની જય !
મજબૂત બોલો...... મજબૂત બોલો....
નરનારાયણદેવની જય !
હા, હવે બરોબર, ખાધા વિના પણ આંટી પાડ્યા.

# શ્રી સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ છપિયાધામના પરિસરનો નૂતન બાંધકામ દ્વારા વિકાસ

- પ્રફુલ ખરસાણી

અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ પરાત્પર પરબ્રહ્મ અક્ષરાદિક સર્વેના કારણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ છપૈયાધામમાં સર્વ જીવોનું કલ્યાણ કરવાના હેતુથી ધર્મપિતા ભક્તિમાતા થકી વિક્રમ સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ-૯ ના રોજ મનુષ્ય દેહ ધારણ કર્યો, સર્વ બ્રહ્માંડોમાં શ્રેષ્ઠત્તમ અને સર્વ પ્રથમ નિજ ચરણનો સ્પર્શ કર્યો તે અતિ પાવન ભૂમિ જેને વેદો નેતિ નેતિ કહે છે. તે અલૌકિક ભૂમિ છપિયાનો મહિમા અવર્ણનીય છે. આ છપૈયામાં આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ ઈ.સ. ૧૮૫૧ માં ત્રણ શિખરનું મહા મંદિર બનાવરાવ્યું. પ.પૂ. મોટા મહારાજશ્રીના રજત જયંતી સુવર્ણ જયંતી મહોત્સવના ફળ સ્વરૂપ તેનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો. વળી જન્મસ્થાન મંદિરનો જીર્ણોધ્ધાર પણ હાલમાં જ કરાયો છે.

અહીં બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવેલ છે.

સમગ્ર વિશ્વમાં વસતા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ માત્ર માટે આ જગ્યાનું અનેરૂ મહત્વ હોય તે સ્વાભાવિક છે.

વળી હાલમાં ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા છપૈયાનો પર્યટક સ્થળ તરીકે સમાવેશ કરાયો છે. અને અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરનું પણ ટૂંક સમયમાં ઉદ્‌ઘાટન થનાર છે. આના કારણે હરિભક્તો અને અન્ય દર્શનાર્થીઓનો પ્રવાહ સતત વધશે.

આથી પ્રેરાઈને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વર્તમાન સમયમાં અદ્યતન ઉતારા, ભોજનાલય, સભાખંડ વગેરેની જરૂરિયાત ઉપસ્થિત થતા નૂતન પરિસરના નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો. અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સીધી દેખરેખ હેઠળ આખું પરિસર ભવ્ય અને સુંદર બની રહ્યું છે.

રૂા. ૧૫૮ કરોડનાં ખર્ચે થનારા આ ભગીરથ કાર્યમાં ૧૫ એકર જમીન ઉપર ૫ લાખ ચોરસ ફૂટ બાંધકામ કરવામાં આવશે.

નવેમ્બર-૨૦૨૦ માં ખાતમુહૂર્ત થયા બાદ આ સંકુલમાં આધુનિક સગવડોથી સજ્જ ૫૦૦ જેટલા ઉતારા બનાવવામાં આવશે. આ ઉપરાંત આધુનિક સગવડોવાળું ભોજનાલય પણ બનાવાશે. જેમાં સંતો-મહેમાનો અને હરિભક્તો માટે ભોજનની અલાયદી વ્યવસ્થા હશે અને ૧૦૦૦ માણસો એક સાથે ભોજન ગ્રહણ કરી શકશે. કથા પારાયણ માટે અદ્યતન સાઉન્ડ-સિસ્ટમ અને આરામદાયક બેઠકવાળા સુવિધાયુક્ત ૬૦૦ શ્રોતાઓની ક્ષમતાવાળા બે હોલ તૈયાર થનાર છે.

પ્રસાદીનું નારાયણ સરોવર નવા કલેવર સાથે દર્શનીય અને જોવાલાયક સ્થળ તરીકે તૈયાર થઈ રહ્યું છે. આ સંકુલમાં યાત્રિકોના અલ્પાહાર માટે કેન્ટીન પણ બનાવાઈ છે.

અદ્યતન ગૌશાળા નિર્માણ કરીને ગાયોની સુરક્ષા સાથે તેની ખૂબજ સરસ રીતે સંભાળ પણ લેવાશે. જેનુ કામ પણ પૂરજોશમાં ચાલુ છે.સોનામાં સુગંધ ભળે એમ રેલ્વે મંત્રાલય દ્વારા છપિયા સ્ટેશનનું પણ કરોડોના ખર્ચે નવીનીકરણ કરવામાં આવનાર છે. તો આવો, ભગવાનના જન્મ સ્થાનના આવા સુંદર આયોજનમાં આપણે સૌ સહભાગી થઈ આવનારી પેઢી માટે વરદાન રૂપ બનીએ.



## શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણથી પાવન થયેલ પ્રસાદીનું ગામ

# પાટણ

- શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર)



- અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ
  ૨ કલાક ૩૪ મિનિટ
- અમદાવાદ એરપોર્ટથી ૨ કલાક ૨૩ મિનિટ



અમદાવાદથી રેલ્વે દ્વારા પાટણ જવાય છે. તેમજ અમદાવાદથી એસ.ટી. મોટર દ્વારા પણ પાટણ જવાય છે. પાટણ ગુજરાતમાં જાણીતું અને પ્રાચીન શહેર છે. પાટણ મહેસાણા જીલ્લામાં આવેલું છે.

અહીં હરિમંદિર છે. મંદિર પૂર્વદ્વારે આવેલું છે. મંદિરમાં સહજાનંદસ્વામીની પટમૂર્તિ પધરાવેલી છે. અહીં શ્રીહરિ પધારેલા છે. અહીં મંદિરથી થોડે દૂર સત્સંગીઓના મહોલ્લામાં પીંપળાનું વૃક્ષ પ્રસાદીનું છે. પૂર્વે અહીંના પરોપકારી સિધ્ધરાજ નામે રાજા થઇ ગયા તેને સૌ કોઇ જાણે છે.

**પાટણના રાજા સિધ્ધરાજને સત્સંગમાં જન્મ મળ્યો અને મહાન ભક્ત વીર ભગુજી નામે પાર્ષદ થઇ ગયા.**

સંવત ૧૮૫૯ની સાલમાં ભગવાન સ્વામિનારાયણ સંતો સહિત મૂળી પધાર્યા હતા. એક દિવસે ભોગાવા (ભોગવતી) નદીને કિનારે પથ્થરથી બાંધેલો રેતીયો કૂવો હતો, તે કૂવા ઉપર બેસીને સંતો સહિત સ્નાન વિધિ કરીને સામે કાંઠે હનુમાનજી તથા શંકર છે ત્યાં પધાર્યા. તે સ્થળે સભા કરીને પ્રભુ બિરાજમાન થયા. પોતાના કુળદેવનાં દર્શન કરીને શ્રીજી કહે, ''કષ્ટ ભંજને પણ પાટણના રાજા સોલંકી સિધ્ધરાજ જયસિંહનું કષ્ટ ન કાપ્યું.'' તે સાંભળી સર્વે સભાજનોએ પૂછ્યું હે મહારાજ, તે વાત વિસ્તારથી કહો. શ્રીજી કહે, સર્વે સાંભળો. સિધ્ધરાજ જયસિંહે બહું દાન પુણ્ય કર્યું હતું. કાંકરિયું, મલાવ, મુનસર, વડનગરનું, વિસનગરનું, હળવદનું, સાયલાનું, ચંદ્રાસરનું જેવા એકસો આઠ તળાવો સિધ્ધરાજ રાજાએ બંધાવેલાં છે. સિધ્ધપુરમાં રૂદ્રમાળ પણ કરાવ્યો. તેમાં એકાદશ માળ કર્યા. તેમની પ્રતિષ્ઠામાં હળવદ જેવાં એક હજાર ગામ બ્રાહ્મણોને દાનમાં આપ્યાં. તેથી ઔદિચ્ય સહસ્ત્ર કહેવાય છે. રૂદ્રમાળનું ખાત મૂર્હુત જોનાર ઉજડ જોષી કહે, ''શેષના મસ્તકમાં આ ખીલી ચોંટી છે'' સૌ કહેવા લાગ્યા કે ગપગોળા મારો છો ! ક્યાં શેષ ? ? અને ક્યાં ખીલી ? જોષી કહે ''કાઢો ખીલી તે લોહીવાળી નીકળશે.'' તો ખીલ્લી કાઢી તે લોહીવાળી નીકળી. ફરીથી ખીલી મારી ત્યારે જોષી કહે હવે પૂંછડે આવી. માટે આની સાથે જ રૂદ્રમાળ પાડનારો પેદા થશે. તે અલ્લાઉદીન ખીલજી. સિધ્ધરાજે બ્રાહ્મણો પાસે આશીર્વાદ માગ્યો જે મારે પુત્ર પરિવાર થાય જ નહિ. ત્યારે ઘેલા જોષી કહે, ''હે મહારાજ ! જગતમાં સર્વે પુત્ર પરિવાર માટે દાન, પુણ્ય, પારાયણ, પ્રભાસ તીર્થ વગેરે કરે છે અને મોટા મહાત્માનો આશીર્વાદ મેળવે છે અને સિધ્ધરાજે અવળું માંગ્યું તેનું શું કારણ ?'' ત્યારે શ્રીજી કહે, ''જોષી કોઇક સમયે પાટણનો રાજા સોલંકી સિધ્ધરાજ જયસિંહ ફરતા હતા અને રસ્તામાં પાણીની વાવ આવી. તે વાવ શાહુકારે લાખ રૂપિયા ખર્ચીને કરાવેલી તેની ત્રીજી પેઢીએ પુત્ર થયો. તે નિર્ધન થયો. ખાવા ન મળે તેથી તે વણિક પુત્રે એક પૈસો જે આપે તેને જ

વાવમાંથી પાણી પીવા આપે. સિધ્ધરાજ પાણી પીવા ગયા. ત્યારે વણિક પુત્રે પૈસો માંગ્યો. ત્યારે સિધ્ધરાજે કહ્યું, ''વાવ, તળાવ, તે તો પુણ્યાર્થે હોય તો તું પૈસો કેમ માગે છે ? ત્યારે તે કહે મારા વડીલે એક લાખ રૂપીયાની વાવ કરાવી છે અને અત્યારે મારે ખાવાનું નથી તો આમાંથી નિર્વાહ ચલાવું છું. ત્યારે સિધ્ધરાજ કહે, લાખ રૂપિયા તને આપું હવે તારે કોઇની પાસેથી પૈસો ન લેવો.'' આ ઉપરથી સિધ્ધરાજે વિચાર કર્યો જે ''જે દેવમંદિરો, તળાવો, વાવો, કૂવાઓ અનેક કરાવ્યા છે. દેવદ્વિજો, ગાયો વિગેરેની આજીવિકા પણ કરાવી છે. ગામ-ગરાસ ધર્માદામાં ઘણાં દીધાં છે. પણ પછવાડે આવા પુત્રો પાકે તો નર્કે નાખે !

स्वदत्तां परदत्तांवा ब्रह्मव्रतिंहरेच्चय: ।

षष्ठि वर्ष सहस्त्राणि विष्ठायां जायते क्रमि : ॥

અર્થ :- પોતે આપેલી તથા બીજાએ આપેલી દેવ વિપ્રની આજીવિકા વૃતિ તેને જે પાછી લઇ લે છે તે લેનાર સાઠ હજાર વર્ષ પર્યંત વિષ્ટામાં કીડો થાય છે. તે આજીવિકા અજાણતાં પાછી આવી જાય તો ત્રણ પેઢી સહિત નરકે જાય. એક આગળની, એક પાછળની અને એક પોતે એમ ત્રણ. પણ જો જાણીને લઇ લે તો દશ આગળની અને દશ પાછળની વીશ પેઢી સહિત નરકે જાય.

પછી રૂદ્રમાળની પ્રતિષ્ઠા થઇ રહી, તે સમયે સિધ્ધરાજ જયસિંહ ને ઉજડ જોષીનું વચન યાદ આવ્યું જે આની સાથે જ પાડનારો પેદા થશે. તેથી રાજા શોકાતુર થયા. આંખોમાંથી આંસુ ચાલ્યાં. ત્યારે હેમચંદ્ર કારભારી કહે જોષીના કહેવા પ્રમાણે શું સર્વ સાચું થાય છે ? ત્યારે સિધ્ધરાજ કહે સાચું જ છે. ભવિષ્યમાં માણસો એવા થશે, તે ધર્માદાના મકાનો તોડીને પથ્થર વેચી ખાશે. ધર્માદાના ધનથી ધનાઢ્ય થવા પ્રયત્ન કરશે. દેહ જન્મે છે તે મરે છે. સૂર્ય ઉગે તે આથમે છે. પૃથ્વીમાંથી વૃક્ષ નીકળે છે તેનો પણ નાશ થાય છે. માટે પેદા થયું, તેનો નાશ તો છે જ. પણ તરત નાશ થાય તેનો અફસોસ. તે સારૂં નહિ અને મારે પુત્ર પરિવાર પણ નથી. જેથી પછવાડે રક્ષા કરે. હવે શું થાય ? ત્યારે બ્રાહ્મણો કહે, ''હે સિધ્ધરાજ, હનુમાનજી ચિરંજીવી છે. મહાબળવાન છે, માટે તેમને પધરાવો. તે રક્ષા કરશે. પછી હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા સમયે વિપ્રોએ વેદ મંત્રોથી પ્રત્યક્ષ હનુમાનજીને બોલાવી ને કહ્યું જે આ રૂદ્રમાળાની રક્ષા કરજો.'' ત્યારે કષ્ટભંજન હનુમાનજી કહે ''મારાથી રક્ષા નહિ થાય.'' કેમકે મારા પ્રભુને સવારે ગાદી મળવાની હતી તે સમયે વનવાસ, શહેર શોકાતુર, પિતા દશરથનું મૃત્યું. માટે જે થવાનું છે તેને કોઇ મિથ્યા કરનાર નથી. માટે જે થવાનું હશે તે થશે.

હે ઘેલા જોષી આ કષ્ટભંજનને ચોખ્ખી મોઢા મોઢ ના પાડી. પછી સિધ્ધરાજ બહુ દિલગીર થયા. પછી વિચાર કરીને કારીગરને કહે શિલાલેખમાં એવું લખજે કે હું પાટણનો સોલંકી સિધ્ધરાજ જયસિંહ જીવતાં કોઇને નમ્યો નથી. પણ આવનાર શત્રુ પાસે હું હાથ જોડીને માંગું છું જે આ રૂદ્રમાળનો નાશ કરે તો આમાંથી કાંઇક નિશાની રાખજે એમ લખાવીને પાટણમાં ગયા. તે સિધ્ધરાજે દેહત્યાગ કર્યો પછી અલ્લાઉદીન ખિલજીએ સાડાત્રણસો તોપો મારી રૂદ્રમાળ તોડીને પોતાના વજીર નસરખાનને લેખ વાંચવા મોકલ્યો. તેણે વાંચીને વાત કહી, ત્યારે અલ્લાઉદીન કહે, હવે હોય તેટવું રહેવા દો. તે હાલમાં નિશાની છે તે રૂદ્રમાળ તોડીને પાસે મસ્જીદ કરી. તે સમયે દૈવી, આસુરી, જીવ વિષે શ્રીજી મહારાજે ઘણી વાર્તા કરી. દૈવી જીવનું ધન પુણ્યમાં વપરાય. તેથી ધર્મ, ભક્તિ અને જ્ઞાન,વૈરાગ્ય પ્રાપ્ત થાય અને પ્રભુ મળે.

રાજા સિધ્ધરાજ પરોપકાર પુણ્યના યોગે થોડાજ દિવસમાં ભગુજી હાડા ગરાસીયા થશે અને અમારી હજુરમાં રહી સેવા કરશે અને અંતે અક્ષરધામને પામશે. તેમના રાજ્યમાં અમારો સત્સંગ ઘણો થશે. ભગુજી મૂળી મંદિરમાં પણ સેવા કરશે. પછી શ્રીજી દરબારમાં પધાર્યા. સભા વિસર્જન થઇ.

આ પ્રમાણે પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહ સત્સંગમાં જન્મ પામીને વીર ભગુજી નામે પાર્ષદ થયા અને શ્રીજી મહારાજ તેમજ સંતોની તેમજ સત્સંગ સંબંધી ઘણી સેવા કરી અંતે અક્ષરધામને પામ્યા.

શ્રી હરિ જ્યારે દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા ત્યારે પાટણ પધારેલા, અને પાટણના ભક્તજનોના મનોરથ પૂર્ણ કરી ખૂબ ખૂબ રાજી કરી સદ્‌ધર્મના પંથે અનેક જનોને વાળ્યા છે. શ્રીહરિના સમયના પાટણના ભક્તજનોની નામાવલિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ''ભક્તચિંતામણી'' ગ્રંથમાં નીચે પ્રમાણે ગૂંથી છે.

-: ચોપાઇ :-

**ભક્ત ભાવસાર દયાળજી,**
**પુરૂષોત્તમને ભક્તિ રજી ॥૫૧॥**
**કણબી ભક્ત છે ઇચ્છો બેચર,**
**ભજે હરિ છે પાટણે ઘર ॥**

આ પ્રમાણે ઉપરોક્ત જણાવેલા હરિભક્તોને શ્રીહરિએ કલ્યાણકારી ઉપદેશ કરી અક્ષરધામના અધિકારી કર્યા છે.

-: પાટણની લીલા સંપૂર્ણ :-

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નિર્જળા એકાદશીના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી અને કાલુપુર મંદિરના સંયુક્ત ઉપક્રમે ‘‘પ્રેમસખી પ્રેમાનંદ કીર્તન આરાધના’’ કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ શરૂ થી અંત સુધી કાર્યક્રમ માણી કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતાં. મ્યુઝિયમના ૧૨ નંબરના હોલમાં રાખેલ આ કાર્યક્રમને ૫૦૦ જેટલા હરિભક્તોએ આનંદથી માણ્યો હતો.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-મે-૨૦૨૩

| | |
|---|---|
| તા. ૦૧-૦૫-૨૦૨૩ | પ.ભ.શ્રી માવજી શિવજી વરસાણી - સામત્રા - હાલ યુ.એસ.એ. |
| તા. ૦૫-૦૫-૨૦૨૩ | પ.ભ.અ.નિ. મહેશભાઈ જીવાભાઈ પટેલ - મોખાસણ - હ. હર્ષાબેન, ઉચિત, પ્રિયંકા તથા સાન્વી. |
| તા. ૧૦-૦૫-૨૦૨૩ | પ.ભ.શ્રી સુરેશભાઈ મોહનભાઈ ઠક્કર - વાસણા - હા. ભાવિનભાઈ, હેતલભાઈ તથા સુનીલભાઈ. |
| તા. ૨૧-૦૫-૨૦૨૩ | પ.ભ.શ્રી વિનોદકુમાર મણીભાઈ પટેલ - ફિચોડ - તા. ઈડર |
| તા. ૨૩-૦૫-૨૦૨૩ | પ.ભ.શ્રી નેવિલ વિપુલભાઈ પટેલ - યુ.એસ.એ. - હ. માણેકભાઈ પટેલ (કલોલ) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગસભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી)**
**"ભગવાન પ્રાપ્ત કરવા હોય તો સ્વભાવ સુધારવો પડે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે જે ભજન-ભક્તિ કરીએ છીએ એ શેના માટે છે ? ભગવાન પ્રાપ્તિ માટે પણ ઘણી વખત એવા પ્રશ્નો અને વિચાર આવે છે કે ભગવાન પ્રાપ્તિ માટે તો તપ જ કરવું પડે છે. શાસ્ત્રોમાં ઘણા બધા દાખલાઓ છે. ઋષિમુનિઓના, કે કેવી રીતે તપ કરીને 'ભગવદ્કૃપા' પ્રાપ્ત કરી હતી. ત્યારે તે સમયમાં ઘર-સંસાર બધું મુકીને વનમાં જઈને તપ કરતા હતા. તાપ, ઠંડી, વરસાદ, કાંટા, કાંકરા બધુ સહન કરતા હતા. આજના સમયમાં એવું શક્ય છે ? ગૃહસ્થ જીવનમાં છો અને બધું છોડીને જતા રહેવું એ વ્યાજબી છે ખરુ ? મહારાજે પણ કીધું છે કે ગૃહસ્થ જીવન શ્રેષ્ઠ જ છે. ડબલ જવાબદારી હોય છે. ઘરની (સાંસારિક) અને આધ્યાત્મિક એમ બે એક ગૃહસ્થ આ બન્ને જવાબદારી નિભાવે છે. બધું મુકીને નીકળી જવાથી કાંઈ નહિ મળે. જવાબદારીથી ભાગશો તો ભગવાન રાજી નહિ થાય. અને મોટામાં મોટી સમસ્યા એ છે કે એવી રીતે ઘર સંસારથી ભાગશો તો પણ સંસાર તમારા મનમાંથી નહિ જાય. તો તમને એવું થતું હશે કે આપણે ક્યાં ઋષિમુનિઓની જેમ કાંકરા, પથરા, કાંટા, ઠંડી, તાપ સહન કર્યું છે કે ભગવાન રાજી થાય. પણ એવું નથી. આજના સમયમાં આકરી પરિસ્થિતિઓ જીવનમાં આવતી હોય છે. મોટા-મોટા પ્રશ્નો અને પડકારો દરેક ગૃહસ્થના જીવનમાં આવતા જ હોય છે. એ પરિસ્થિતિ અને પડકારો કંઈ કાંકરા, કાંટા કે પથરા કે મોટા-મોટા પહાડોથી ઓછા નથી હોતા. **તો આવા પડકારો અને પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર નીકળવું કે ધર્મમાંથી પડી ના જવાય.** એટલે કહેવાનો અર્થ એ છે કે પોતાની બુદ્ધિ અને વિવેકનો ઉપયોગ કરીને શાસ્ત્રોની મદદ લઈને એવા વિકલ્પો શોધવા કે **જેનાથી પરિસ્થિતિથી પણ બહાર નીકળી જવાય અને ધર્મ પણ સચવાઈ રહે એ પણ એક પ્રકારનું તપ જ છે. અને આપણા બધાની ઉપર તો નરનારાયણદેવની એવી કૃપા છે કે આપણને તો નરનારાયણદેવના પ્રાંગણમાં બેસીને ભજન કરવાનો લાભ મળે છે. કાંઈ પણ કર્યા વગર તપનું ફળ મળી ગયુ છે.** જે વ્યક્તિ એક વખત નરનારાયણદેવના દર્શન કરી લે છે એ વ્યક્તિનું હૃદય પરિવર્તન થવાનું શરૂ થઈ જાય છે. જેવી રીતે પારસમણિ છે એનો સ્વભાવ શું છે ? લોખંડને સુવર્ણમાં પરિવર્તિત કરી દે છે. ગમે તે ભાવથી, ગમે તે રીતે, જો લોખંડ પારસમણિના સંપર્કમાં આવે છે તો સુવર્ણમાં પરિવર્તિત થઈ જાય છે. કેમ કે ? પારસમણિમાં એવી શક્તિ છે. તમે એવી ભાવનાથી સ્પર્શ કરાઓ કે થશે જ, કે પરખવા માટે કરો, અથવા કસોટી કરવા માટે કરો કે થાય છે કે નહિ. તો પણ થશે, થયા વગર રહે જ નહિ. સાચો પારસમણિ હશે તો ગમે તે ભાવનાથી લોખંડને સ્પર્શ કરાવો તો સોનું થશે જ. **એવી રીતે જે માણસ એક વખત નરનારાયણદેવના દર્શન કરીને એમના ચરણમાં મસ્તક નમાવે છે, એમના હૃદયમાં એક અલગ જ અનુભૂતિ થાય છે. અને હૃદય પરિવર્તન થયા વગર રહેતું જ નથી. નરનારાયણદેવની અમીદૃષ્ટિ જ્યારે પડે છે ત્યારે જે અલૌકિક અનુભૂતિ થાય છે એનું વર્ણન ના કરી શકાય.** કોઈ વ્યક્તિ દયાની યાચના કરે, કોઈ કૃપાની યાચના કરે કે કોઈ કરુણાની યાચના કરે તો પણ પ્રાપ્ત થાય છે. ઘણા એવું વિચારીને આવતા હોય છે કે સાંભળ્યું છે કે નરનારાયણદેવ બહુ પ્રતાપી છે તો ચાલોને જોવા જઈએ. દર્શન કરીએ, એમ ઘણા લોકો ભગવાનને પરખવા પણ આવે છે. ઘણા ભગવાનની કસોટી કરવા પણ આવે છે. તો પણ બધાના ઉપર અમીદૃષ્ટિ પડે જ છે. માણસનું હૃદય પરિવર્તન થાય જ છે. અમુકને અસર ના થાય તો એ વાત જુદી છે. એમા કેવું છે ? **તો તમારા અંતરઆત્માની દશા કેવી છે ? આપણી સ્વીકારવાની તૈયારી છે કે નહિ તેના પર બધું નિર્ભર છે.** દા.ત. કાટ લાગેલું લોખંડ હશે તો તે લોખંડમાંથી સુવર્ણ નહિ પ્રાપ્ત થાય. એવી રીતે તમારા અંતરઆત્મામાં કાટ લાગેલો હશે તો હૃદય પરિવર્તન નહિ થાય. નહીં તો દેવની 'કરુણા' તો 'અવિરત' વહેતી

જ હોય છે. આપણે એ કરુણા લેવા માટે તૈયાર છીએ કે નહિ એ આપણા ઉપર નિર્ભર છે. આપણે ૮૪ લાખ યોનિમાં ફરીને આવ્યા છીએ તો એ બધા અવગુણો આપણા કારણ શરીરમાં છે. તો એ આપણો 'સ્વભાવ' બની જાય છે. અને આપણે એને આપણા 'અવગુણ' તરીકે નથી જોતા પરિણામે એ જે આપણો સ્વભાવ છે તે આપણી ટેવ બની જાય છે. અને એને છોડતા બહુ વાર લાગે છે. આપણા જીવનમાં કેટલી બધી ટેવો એવી હશે કે જે આપણને માત્ર બે ત્રણ વર્ષથી પડી હોય છે. તો પણ આપણે છોડવી હોય તો આપણાથી નથી છૂટતી. તો **આ બધો જન્મોજન્મનો 'અધ્યાસ' છે. માટે છોડી શકાતો નથી.** આપણે આ મનુષ્ય જન્મમાં આવ્યા છીએ એ પહેલા જે પણ યોનિમાં હોઈશું તો એ અધ્યાસ રહી જાય છે. એ આપણા અંતરઆત્માને બગાડે છે. તો સ્વભાવ કેવી રીતે સુધારવાનો ? **જે છે એ છે. નહિ જાય નથી જતું શું કરીએ ? એવું નહિ રાખવાનું. કેમ કે ? જો આપણે થોડો પણ પ્રયત્ન કરીએ તો સ્વભાવ સુધારવાનું બહુ સરળ છે. કેવી રીતે ? તો આપણે જે 'અપેક્ષા' બીજા પાસે રાખીએ છીએ એ જ આપણું ક્રમ બની જવું જોઈએ.** અર્થાત્ આપણે બીજા પાસેથી બધી સારી અપેક્ષા રાખીએ છીએ ને કે કોઈ મારી સાથે ખોટું ના બોલે, મને કોઈ રીતે દુઃખ ના આપે, મારી મદદ કરે, એ રીતે કોઈ આપણી સાથે બધો સારો વ્યવહાર કરે તો જ આપણને ગમે. ને તો એ જ ભાવના આપણે પણ રાખવાની **તો આપણો સ્વભાવ આપોઆપ સુધરી જાય છે. પણ એવા ક્યારે થવાય ? આપણી બુદ્ધિ શુધ્ધ હોય મન પવિત્ર હોય ત્યારે એવા થવાય. આપણી બુદ્ધિ શુધ્ધ ક્યારે થાય ?** તો જેની સાત્વિક બુદ્ધિ હોય તેની સાથે આપણી બુદ્ધિ જોડી દેવાની. અર્થાત સાત્વિક બુદ્ધિવાળી વ્યક્તિ હોય તેના પ્રસંગમાં તમે રહો તો તમારી બુદ્ધિ શુધ્ધ થાય. અને ઘણીવાર આપણને એવું થાય કે સંપૂર્ણ શુધ્ધ તો ભગવાન સિવાય બીજું કોઈ છે જ નહિ તો શું કરવું ? તો એના માટે શાસ્ત્રો છે. શાસ્ત્રોનું શ્રવણ, મનન, નિદિધ્યાસ આ બધું કરવાથી પણ આપણી બુદ્ધિ શુધ્ધ થાય છે. એવી રીતે આપણી બુદ્ધિ અને મન એ બધું શુધ્ધ હશે તો એ શુધ્ધ મન આપણી ઈન્દ્રિયોને જે આદેશ આપશે એ શુધ્ધ સાત્વિક અને પવિત્ર આદેશ હશે. તો આ બધો સતત અભ્યાસ રાખવાનો. બધું ચાલુ જ રાખવું. એકવાર સત્સંગમાં આવવાથી કાંઈ ના થાય. એકવાર વચનામૃત વાંચી લીધું. એકવાર શિક્ષાપત્રી વાંચી લીધી એવું ના ચાલે. રોજનો અભ્યાસ કરી દેવાનો. આપણો મોટા ભાગનો સમય શેમાં જાય છે ? આપણે સારા કેવી રીતે કહેવાઈએ. લોકો કેમ એવું કહે છે કે આમણે મારી મદદ કરી. આમણે મારું આ કામ સારુ કર્યુ એમ બધાને પોતાના વખાણ જ ગમે છે. **કેમ લોકો મને સારુ કહે એના માટે પ્રયત્ન કરીએ એના કરતા કેમ સારુ બનવું એના માટે પ્રયત્ન કરવાનો** એના માટે રોજનો અભ્યાસ કરવાનો તૈયારી આપણે કરવાની છે. ભગવાન તો બધું કહીને ગયા છે. શિક્ષક બધું સમજાવે પણ લેસન તો આપણે કરવું પડે ને ! તમે મહેનત કરો એ પ્રમાણે પાસ-નાપાસ બધું પરિણામ મળે છે. અને **સૌથી મોટામાં મોટી પ્રાપ્તિ એ જ છે કે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ છે એના શરણે આપણે છીએ.** સમુદ્ર ભરેલો હોય પણ તમે ચમચી કે તપેલું જેવું પાત્ર લઈને જાઓ એવું પાણી મળે છે. તમારું પાત્ર કેવું છે એના ઉપર બધો આધાર છે. અને રોજ રાત્રે સૂવા જાઓ ત્યારે આંખો મીંચીને વિચારવાનું કે તમારામાં એવી શું વસ્તુ છે કે જે તમારે નથી જોઈતી. દરરોજ બે મિનિટ પાંચ મિનિટ બેસીને વિચારવાનું કે અંદર શું કચરો ભરેલો છે. અને સત્સંગ નિયમિત કરતા રહેવાનું અને બને તેટલું આજ્ઞામાં અને નિયમમાં રહેવાનું. બધો પ્રયત્ન કરવાનો તો ધીમે ધીમે બધું થશે.

**અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત સ્વામીની નિયુક્તિ**

સંપ્રદાયનું વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના નવા મહંત સ્વામી તરીકે સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી (વર્તમાન ગાંધીનગર સેકટર-૨ મહંતશ્રી)ને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તા. ૧૯-૦૫-૨૦૨૩ ના રોજ નિયુક્ત કર્યા છે જે સમસ્ત સત્સંગને વિદિત થાય.

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોનીનો પંચમ વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (અમદાવાદ-ગાંધીનગર)ની પ્રેરણા અને પ.ભ.શ્રી દાસભાઈ તેમજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી તાજેતરમાં જ જે મંદિરના ટ્રસ્ટનું વિલિનીકરણ આપણા કાલુપુર મંદિરના ટ્રસ્ટમાં થયેલું છે તેવા શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોનીનો પંચમ વાર્ષિક પાટોત્સવ તા. ૧૦-૫-૨૦૨૩ થી તા. ૧૪-૫-૨૦૨૩ પર્યંત ખૂબ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગે પ.ભ. શ્રી દેવચંદભાઈ શામજીભાઈ ડોબરીયા પરિવારના મુખ્ય યજમાનપદે અને મહંત સ.ગુ. શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ)ના વક્તાપદે વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ગ્રંથરાજ પુરુષોત્તમપ્રકાશની રાત્રિય પંચાહ્ન પારાયણનું સંગીતમય શૈલીમાં આયોજન થયું હતું જે અંતર્ગત પોથીયાત્રા, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિનો ગાદી અભિષેક અને રાસ ગરબા ખૂબ ઉમંગ અને ઉલ્લાસ સાથે ઉજવાયા હતા. પ્રારંભમાં તા. ૯-૫-૨૦૨૩ ના રોજ રાત્રિય ધૂન-કીર્તનનો કાર્યક્રમ થયો હતો.

સમૂહ મહાપૂજા તથા વિષ્ણુયાગની પૂર્ણાહુતિ તેમજ અન્નકૂટ આરતી પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. મહારાજશ્રીએ સૌને શુભાશીર્વાદ પાઠવી નવા નિકોલ વિસ્તારમાં નૂતન મંદિર માટે સૌને પ્રોત્સાહિત કર્યા હતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ બહેનોને દિવ્ય લાભ આપ્યો હતો. અમદાવાદ (કાલુપુર), ગાંધીનગર, કોટા, નારાયણઘાટ, એપ્રોચ બાપુનગર, કોટેશ્વર ગુરુકુળ, આદરજ, ઉનાવા આદિક ધામોધામથી બ્રહ્મનિષ્ઠ સંતો પધાર્યા હતા અને પ્રાસંગિક પ્રવચનથી સત્સંગ પોષણ કર્યું હતું.

આ પ્રસંગે ઠાકોરજીના સિંહાસનમાં એ.સી. ફીટીંગની સેવા થઈ હતી. સ.ગુ. શા. સ્વામી વ્રજભૂષણદાસજી (કોટેશ્વર)એ સભા સંચાલન કર્યું હતું. અંતમાં દરેક ભક્તજનો માટે ભોજનપ્રસાદની સુંદર વ્યવસ્થા થઈ હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

### ગામડી ગામે ભવ્ય પાટોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ, જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ.શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોતમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે તા. ૨૮-૪-૨૩ થી તા. ૧-૫-૨૩ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડીના ભાઈઓના મંદિરનો ૧૯૪ મો પાટોત્સવ અને બહેનોના મંદિરનો ૫ મો વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ મહોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની કથા, શ્રી તુલસી વિવાહ, સમૂહ મહાપૂજા, અભિષેક, અન્નકૂટ આદિક અનેક પ્રસંગો ઉજવવામાં આવ્યા. કથાના વક્તા પદે શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજીએ લાભ આપ્યો હતો. ધામોધામથી સંતો તથા સાંખ્યયોગી બહેનોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. કથા પારાયણના યજમાન પદે પ.ભ.શ્રી પંકજભાઈ નટવરભાઈ પટેલ તથા પાટોત્સવના યજમાન પદે પ.ભ. શ્રી જીકીનભાઈ નારણભાઈ પટેલે લાભ લીધો હતો. સમગ્ર ગામડી ગામના હરિભક્તોના સાથ સહકારથી ખૂબ ભવ્યતાથી ઉત્સવ ઉજવાયો.

(મહંત કે.પી. સ્વામી - જેતલપુરધામ)

### ગોવિંદપુરા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ.શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોતમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે ગામ શ્રી ગોવિંદપુરા, તા. કડી, જી. મહેસાણા-ખાખરિયા દેશમાં તા. ૧૬-૫-૨૩ થી તા. ૧૮-૫-૨૩ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ પ્રસંગે ત્રિદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની કથા પારાયણ શા. સ્વામી ધર્મનંદનદાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું. ધામોધામથી સંતો-સાંખ્યયોગી બહેનોએ પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. ભવ્ય પોથીયાત્રા, નગરયાત્રા તેમજ મહાવિષ્ણુયાગ આદિ સુંદર રીતે સંપન્ન થયા હતા. તા. ૧૮-૫ ના દિવસે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી મૂર્તિમાં પ્રાણ પુરી મૂર્તિ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી કરી કરી હતી. ત્યારબાદ સભામાં સૌને દર્શન-આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર ખાખરિયા પ્રાંતના હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો.

(શા. સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

### રજત શતાબ્દી મહોત્સવ બિલીયા

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર બિલિયા દ્વારા આયોજીત અ.નિ.સ.ગુ. ભક્તિનંદનદાસજી સ્વામીએ પધરાવેલ મહા પ્રતાપી દેવ શ્રી કષ્ટભંજનદેવનો ૧૨૫ વર્ષનો રજત શતાબ્દી

મહોત્સવ તા. ૨૧-૦૫-૨૦૨૩ થી ૨૭-૦૫-૨૦૨૩ સુધી ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

અ.નિ.સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી (વાલી) કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી (વાલી), સ.ગુ. શા. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (બાવળા મહંતશ્રી), સ.ગુ. સ્વામી વ્રજવિહારીદાસજી (બિલિયા મહંતશ્રી), સ.ગુ. શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર મહંતશ્રી) એમ સમગ્ર વાલી મંડળના સંતોના અથાગ પરિશ્રમથી તથા બિલિયા ગામના દરેક હરિભક્તોના સાથ સહકારથી આ મહોત્સવ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. દાદાનો મહિમા જાણી સુરતમાં રહેતા બિલિયાના ભક્તોએ પદયાત્રા કરી, સાત દિવસ શ્રી હનુમાન ચરિત્રની કથા થઈ હતી. જેના વક્તાપદે સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર, સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ કથાનો લાભ આપ્યો હતો. ત્રિદિનાત્મક મારૂતિયજ્ઞનું પણ સુંદર આયોજન થયું હતું. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતો-સાંખ્યયોગી બહેનોએ પધારી દર્શન-આશીર્વાદ પાઠવ્યા હતા. બિલિયા, સુરતના યુવાનો, બાળકો, બાલિકાઓએ અનેક નૃત્ય-નાટકો દ્વારા ઉત્સવમાં ભાગ લીધો હતો. રાજોપચારથી શ્રી હનુમાનજી દાદાની પૂજા પાઠ કરવામાં આવ્યા હતા. હજારો લોકોએ પધારી આ મહામહોત્સવનો લાભ લઈ જીવનને ધન્ય બનાવ્યું હતું.

(શા. સ્વામી ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

**સંપ્રદાયના સર્વોપરી તીર્થધામ છપૈયામાં પાટોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામ ચરિત્ર કથા પારાયણ**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરી બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી સંપ્રદાયનું સર્વોપરી તીર્થધામ છપૈયાપુર ધામમાં બિરાજમાન બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ આદિ દેવોના પાટોત્સવના ઉપલક્ષ્યમાં શ્રી ઘનશ્યામ બાલ ચરિત્ર પંચદિનાત્મક કથા પારાયણ પ.ભ. મહેન્દ્રભાઈ છોટાભાઈ પટેલ (બકાભાઈ) (કાળીગામ-સાબરમતીવાળા) પરિવારના યજમાનપદે તા. ૨૭-૦૫-૨૦૨૩ થી તા. ૩૧-૦૫-૨૦૨૩ દરમ્યાન ધામધૂમથી સંપન્ન થયો. કથા પારાયણના વક્તાપદે સંપ્રદાયના સુપ્રસિધ્ધ યુવાન કથાકાર પૂ. સ.ગુ. શા. સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે ગુજરાત અને અત્રે દર્શનાર્થે પધારેલ યાત્રિકો સવાર-સાંજ કથાનું શ્રવણ કરી ધન્ય બન્યા હતા. સમગ્ર કથામાં સભા સંચાલક સ.ગુ. શા. સ્વામી નારાયણમુનિદાસજી (કોટા-અમદાવાદ મંદિરના કોઠારી)એ શોભાવ્યું હતું. કથામાં આવતા પોથીયાત્રા, જન્મોત્સવ આદિ પ્રસંગો ખૂબજ ધામધૂમથી ઉજવાયા હતા. અત્રે મંદિરના મહંત સ્વામી સ.ગુ. દેવપ્રસાદદાસજી તેમના વયોવૃધ્ધ ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી અને સંત-પાર્ષદ મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી પ્રારંભના બે દિવસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર પ્રસંગમાં ધામોધામના સંત, પાર્ષદ મંડળ સેવામાં જોડાયા હતા. યજમાન પરિવાર અને તેમના સૌ સગાવહાલાઓ આવો દિવ્ય અલૌકિક લાભ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા. જેઠ સુદ-૧૧ તા. ૩૧-૦૫-૨૦૨૩ ના રોજ ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક પૂજ્ય સંતો દ્વારા વિધિવત્ રીતે સંપન્ન થયો હતો. અભિષેક બાદ ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી.

(કોઠારી અમદાવાદ-કોટા શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદીસણા પુનઃ પ્રાણ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (કાલુપુર-ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી ચાંદીસણા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૦૮-૦૫-૨૦૨૩ થી તા. ૧૦-૦૫-૨૦૨૩ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન ત્રિદિનાત્મક કથા પૂ. સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ હતી.

પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન પ.ભ. ભીખાભાઈ કચરાદાસ પટેલ, અ.સૌ. દિવાબેન ભીખાભાઈ પટેલ, પ.ભ. ઈન્દુભાઈ કચરાદાસ પટેલ, અ.સૌ. સુભદ્રાબેન ઈન્દુભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. પારાયણ, યજ્ઞ આદિ ઘણા પ્રસંગોમાં યજમાન પરિવારોએ લાભ લીધો હતો.

તા. ૧૦-૦૫-૨૦૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ધામો ધામથી સંતો પધાર્યા હતા. ગામના તમામ હરિભક્તોએ સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા. સભા સંચાલન સ.ગુ. કોઠારી શા. સ્વા. નારણમુનિદાસજી (કાલુપુર-કોટા)એ શોભાવ્યું હતું.

(કોઠારીશ્રી ચાંદીસણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક ૩૫ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (કાલુપુર-ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્કનો ૩૫ મો વાર્ષિક પાટોત્સવ તા. ૩૦-૦૫-૨૦૨૩ ના રોજ ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન અ.નિ.પ.ભ. નટવરભાઈ શનાભાઈ ઠક્કર, અ.નિ. કાંતાબેન નટવરભાઈ ઠક્કરના સ્મરણાર્થે પ.ભ. લાલજીભાઈ નટવરભાઈ ઠક્કર અને અ.સૌ. ભાનુમતીબેન લાલજીભાઈ ઠક્કર પરિવાર રહ્યાં હતા.

અમદાવાદ મંદિરના મહંતશ્રી પૂ. પી.પી. સ્વામી, પૂ. શા. રામ સ્વામી, પૂ. શા. મુનિ સ્વામી આદિ ધામો ધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૩૦-૦૫-૨૦૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(સ્વામી દેવપ્રકાશદાસજી - ઉનાવા મહંતશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જડેશ્વરપાર્ક મહાદેવનગર ૨૮ મો પાટોત્સવ અને શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (કાલુપુર-ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર જડેશ્વરપાર્ક મહાદેવનગર મંદિરનો ૨૮ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૭ મે થી ૨૧ મે દરમ્યાન ધામધૂમથી સંપન્ન થયો. આ પ્રસંગના ઉપલક્ષ્યમાં સ.ગુ. શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ ગુરુકુળ)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન રાત્રિય પારાયણ ધામધૂમપૂર્વક સંપન્ન થઈ હતી. સમગ્ર પ્રસંગના આયોજક પૂ. સ.ગુ. શા. સ્વામી વ્રજભૂષણદાસજી (ગાંધીનગર-કોટેશ્વર) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ જડેશ્વરપાર્ક મહાદેવનગર રહ્યા હતા.

તા. ૨૨-૦૫-૨૦૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ઉત્સવ પ્રારંભમાં પૂ. સદ્. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ મંગલ ઉદ્‌બોધન કર્યું હતું. ધામોધામથી ઘણા સંતોએ પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ.શા. સ્વા. વ્રજભૂષણદાસજી (કોટેશ્વર-ગાંધીનગર)એ કર્યું હતું. આ પ્રસંગમાં અનેક હરિભક્તોએ યજમાન બની સુંદર સેવા કરી હતી. (મહંત શા. સ્વા. દેવપ્રકાશદાસજી - ઉનાવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ રોડ) ઘાટલોડિયા ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર - ગાંધીનગરના મહંત પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વા. વ્રજભૂષણદાસજી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી આર.સી. ટેકનિકલ રોડ ઘાટલોડિયા દ્વારાશ્રી સ્વામિનારાયણ મંદિર સમસ્ત સત્સંગ સમાજ - શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ રોડ) ઘાટલોડિયાનો ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ૨૨ મે થી ૨૪ મે ૨૦૨૩ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષ્યમાં શ્રી વિદુરનીતિ ત્રિદિનાત્મક રાત્રિય કથા પૂ. સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (આદરજધામ)ના વક્તાપદે થઈ હતી.

આ ઉત્સવ પ્રસંગમાં અ.નિ. પ.ભ. શ્રી નાથજીભાઈ ઈચ્છારામભાઈ શુકલ તથા અ.નિ. પ.ભ.શ્રી ઈશ્વરલાલ લાભશંકર પંડ્યા શિષ્ય મંડળ તરફથી સુંદર સેવા પ્રાપ્ત થઈ હતી.

પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. અનિલકુમાર દયાળજીભાઈ પટેલ (ખંડેરાવપુરા) પરિવાર રહ્યાં હતા. અન્ય પ્રસંગોમાં ઘણા હરિભક્તોએ યજમાનપદનો લાભ લીધો હતો.

તા. ૨૨-૫-૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોતમપ્રકાશદાસજી (કાલુપુર) તથા સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ) આદિ સંત મંડળ પધાર્યા હતા.

(મહંત શા. સ્વા. દેવપ્રકાશદાસજી - ઉનાવા)

**નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર અનમોલવિલા કડી શિલાન્યાસવિધિ - શ્રી રામ કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (અમદાવાદ-ગાંધીનગર મહંતશ્રી)ના માર્ગદર્શન-પ્રેરણાથી તેમજ નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણધામ અનમોલવિલા કડી દ્વારા આયોજીત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શિલાન્યાસ મહોત્સવના ઉપલક્ષ્યમાં તા. ૩-૫-૨૩ થી ૭-૫-૨૩ પર્યન્ત શ્રીરામ કથા પારાયણ જ્ઞાનયજ્ઞ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે ધામધૂમપૂર્વક સંપન્ન થઈ હતી.

તા. ૭-૫-૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન ભવ્ય મંદિર અને સામાજિક સેવા માટેના અદ્યતન હોલ આદિનું વિધિપૂર્વક શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સ.ગુ. મહંત પૂ. શા. પી.પી. સ્વામી (અમદાવાદ-ગાંધીનગર), પૂ. શા. મુનિ સ્વામી, મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી આદિ સંત મંડળે પ્રસંગોચિત આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. કોઠારી સ્વામી શા. મુનિ સ્વામીએ સભા સંચાલન સુંદર રીતે સંભાળ્યું હતું. આ મહાભગીરથ સેવા કાર્યમાં અનેક હરિભક્તોએ ખૂબજ સારી સેવા લખાવી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આ ભવ્ય મંદિર સંકુલ વહેલાસર પૂર્ણ થશે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી શા. મુનિ સ્વામી)

**કુડાસણ શ્રી સ્વામિનારાયણ મંદિરના ઉપલક્ષ્યમાં શ્રીમદ્ ભાગવત રાત્રિય પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (અમદાવાદ કાલુપુર - ગાંધીનગર સે-૨)ની પ્રેરણા માર્ગદર્શનથી ગાંધીનગરના સમૃદ્ધ અને રમણીય વિસ્તાર કુડાસણમાં શ્રી નરનારાયણદેવ તાબાના નૂતન ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણાર્થે જેના ઉપલક્ષ્યમાં અત્રે કુડાસણમાં તા. ૨૭-૪-૨૩ થી તા. ૩-૫-૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત રાત્રિય સપ્તાહ પારાયણ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. જેના કથાના યજમાન કુડાસણના પ.ભ. પંકજભાઈ અરવિંદભાઈ પટેલ, પ.ભ. કમલેશભાઈ, પ.ભ. વિશાલભાઈ અને પ.ભ. શૈલેષભાઈ નારણભાઈ, પ.ભ. રાકેશભાઈ નારણભાઈ (દેવડા) આદિ પરિવારે લાભ લીધો હતો. બીજી અન્ય સેવામાં ઘણા હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો.

સહિંતાપાઠનું પણ સુંદર આયોજન થયું હતું. તા. ૭-૫-૨૦૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા ધામોધામથી સંતોએ પધારીને સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી - કાલુપુર-કોટા)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ફાગણ સુદ-૧/૨** પ.ભ.અ.નિ. સોમાભાઈ હાથીભાઈ, પ.ભ.અ.નિ. કંકુબેન સોમાભાઈ પટેલ (ઝુંડાલ). **ફાગણ સુદ-૩** પ.ભ. ખોડાભાઈ કાનજીભાઈ વસોયા (નિકોલ), પ.ભ. પટેલ શકરીબેન મણીભાઈ (ડેમાઈ), શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ (એપ્રોચ-બાપુનગર). **ફાગણ સુદ-૪** પ.ભ. બાબુલાલ મણીલાલ પટેલ (વડુ), પ.ભ.અ.નિ. પ્રવિણચંદ્ર દેવચંદભાઈ પારેખ (મુંબઈ), પ.ભ. જાદવભાઈ હરિભાઈ જોગાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. સાકરબેન પ્રાગજીભાઈ, પ.ભ. ચંદ્રિકાબેન બળદેવભાઈ પટેલ (કરજીસણ). **ફાગણ સુદ-૫** પ.ભ. રાજુલ અંકિતભાઈ પટેલ (કુંડાળ), પ.ભ. ભૂપેન્દ્ર નટવરલાલ ભાવસાર (નવાવાડજ). **ફાગણ સુદ-૬** પ.ભ. ઋષભ ચંદ્રેશ ગોર (ભુજ-કચ્છ), પ.ભ. રતીભાઈ સોમાભાઈ પટેલ (વિદ્યાનગર). **ફાગણ સુદ-૭** પ.ભ. મનહરભાઈ એન. પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. કૈલાસબેન ડાહ્યાભાઈ પટેલ (દેઉસણા), પ.ભ. પુરીબેન વિઠ્ઠલભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. પિન્ટુકુમાર કાંતિભાઈ પટેલ (કુડાસણ), પ.ભ. પટેલ લક્ષ્મણભાઈ માવજીભાઈ (ખાંધલી), ન્યાલકરણ ફાર્મા (વડોદરા). **ફાગણ સુદ-૮** પ.ભ. જયેન્દ્રભાઈ ભોળાભાઈ પટેલ (અમદાવાદ). **ફાગણ સુદ-૯** પ.ભ. ઈલાબેન ચંદ્રેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સીમાબેન કેતનભાઈ પટેલ (બાયડ), પ.ભ. દેવ દિગનભાઈ આચાર્ય (અમદાવાદ), પ.ભ. પટેલ ગીરીશભાઈ કાંતિલાલ (ભાવપુરા). **ફાગણ સુદ-૧૦** પ.ભ. પટેલ મિનાક્ષીબેન ભદ્રેશકુમાર (ગાંધીનગર). **ફાગણ સુદ-૧૧** પ.ભ. ચૌધરી વિષ્ણુભાઈ છગનભાઈ (બાલવા), પ.ભ. દિલીપભાઈ સોમાભાઈ બ્રહ્મભટ્ટ (ભરૂચ). **ફાગણ સુદ-૧૨** શ્રીહરિ પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ.અ.નિ. આશિષભાઈ ભીખાભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. વિક્રમભાઈ ઈશ્વરભાઈ પટેલ (સાબરમતી), પ.ભ.અ.નિ. નાથાલાલ બાપુદાસ પટેલ (ખરણા), પ.ભ. પટેલ ઉષાબેન જગદીશભાઈ, પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ (ગાંધીનગર), પ.ભ. નિખિલ ચાંપાનેરી પરિવાર (મુંબઈ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **ફાગણ સુદ-૧૩** પ.ભ. પટેલ દેવજ ગૌરવકુમાર (ગણેશપુરા), પ.ભ. મોના સંજય પટેલ પરિવાર (નડીયાદ), પ.ભ. મનસુખભાઈ જીવાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ધીમંત કિરીટભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રાજેન્દ્રભાઈ પી. પટેલ (અમદાવાદ), પ.ભ. મિતેષ લાલજીભાઈ પટેલ (અમદાવાદ). **ફાગણ સુદ-૧૪** એક હરિભક્ત (કોઠંબા), પ.ભ.અ.નિ. રાધાબાઈ વિશ્રામ મેપાણી (સુરજપર-કચ્છ), અ.નિ. સાંખ્યયોગી રવિકાંતાબા (લોજ), પ.ભ. ચિંતનભાઈ જયંતભાઈ શાહ (મુંબઈ), પ.ભ. કેસરબાઈ મનજી મેપાણી (સુખપર-કચ્છ). **ફાગણ સુદ-૧૫** પ.ભ. કુસુમબેન વિનુભાઈ પટેલ (અમદાવાદ)

**ફાગણ વદ-૧** પ.ભ. પ્રશાંતભાઈ ચંદુભાઈ સોની (અમદાવાદ), પ.ભ. મગનભાઈ મૂળજીભાઈ ગાબાણી (ખોપાળા), પ.ભ. કાંતાબેન કાનજી પિંડોરીયા (કેરા-કચ્છ). **ફાગણ વદ-૨** પ.ભ. ડાહ્યાભાઈ શંભુભાઈ ચૌધરી (માણેકપુર). **ફાગણ વદ-૩** પ.ભ.અ.નિ. સુરેશચંદ્ર ઘનશ્યામપ્રસાદ જાની (અમદાવાદ), પ.ભ. દિપકકુમાર કનૈયાલાલ (રાજપુર-કડી), પ.ભ. ચિંતનભાઈ (મુંબઈ), પ.ભ. સુશીલાબેન પટેલ (લંડન), પ.ભ. ધનગૌરીબેન બાબુલાલ સોલંકી (અમદાવાદ). **ફાગણ વદ-૪** પ.ભ. દશરથભાઈ કાનજીભાઈ પટેલ (ગવાડા), પ.ભ. જીગ્નેશભાઈ પટેલ (સુરત), પ.ભ. નિર્મળાબેન ગિરધરલાલ પૂજારા (અમદાવાદ), પ.ભ. પરિક્ષિત દેવેન્દ્રભાઈ ડોડીયા (બોપલ). **ફાગણ વદ-૫** પ.ભ. પટેલ પરસોતમભાઈ સોમાભાઈ, પ.ભ. પટેલ જય હસમુખભાઈ (નરોડા), પ.ભ. પટેલ બિપીનચંદ્ર વિષ્ણુભાઈ (ચલોડા), પ.ભ.અ.નિ. મયુરભાઈ રણછોડભાઈ સાકરીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. બ્રિજેશભાઈ જયંતીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ ધાનાણી (અમેરિકા). **ફાગણ વદ-૬** પ.ભ. કેવલભાઈ મહેશભાઈ પટેલ (પોર), પ.ભ. દિનેશભાઈ કાળુભાઈ ગજેરા (બાપુનગર), પ.ભ. નીતાબેન રાજુભાઈ પટેલ (ડુંગરી), પ.ભ. કેશરબેન રવજી કેરાઈ (રામપર-કચ્છ). **ફાગણ વદ-૭** પ.ભ. ચૌધરી અમૃતભાઈ વેલાભાઈ (માણેકપુર), પ.ભ.અ.નિ. કલ્યાણ નારણ હિરાણી (બળદીયા-કચ્છ), પ.ભ. શાંતિ મનજી રાધવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. પટેલ યોગેશકુમાર ઈશ્વરભાઈ (કલોલ), અ.નિ. સ્વામી વિજયપ્રકાશદાસજી નિમિત્તે. **ફાગણ વદ-૮** પ.ભ.અ.નિ. રસિકભાઈ લાલજીભાઈ સોલંકી (ભુજ-કચ્છ), પ.ભ. અર્શ જીગ્નેશકુમાર પટેલ, પ.ભ. મેઘજી કરશન વરસાણી પરિવાર (સામત્રા-કચ્છ). **ફાગણ વદ-૯** પ.ભ. વિમળાબેન જીતેન્દ્રકુમાર કુતીયા (ભચાઉ-કચ્છ), પ.ભ. લલ્લુભાઈ બચુભાઈ માંગુકિયા (બાઢડા), પ.ભ.અ.નિ. અમૃતલાલ લક્ષ્મણભાઈ મીસ્ત્રી (અમદાવાદ), પ.ભ. નટવરભાઈ ભોળાભાઈ (ભાવપુરા). **ફાગણ વદ-૧૦** પ.ભ.અ.નિ. રતનબાઈ ખીમજી વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. પટેલ મણીભાઈ મરઘાભાઈ (ઉનાવા). **ફાગણ વદ-૧૧** પ.ભ. રાહુલ અને રીયાના જોબ-સગાઈ નિમિત્તે (રાજકોટ). **ફાગણ વદ-૧૨/૧૩** પ.ભ. ક્રિષ્ણાબેન બિપીનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ અમૃતભાઈ મગનભાઈ (ડાંગરવા), પ.ભ. અરવિંદભાઈ ત્રિકમભાઈ પટેલ (કરજીસણ), પ.ભ. પ્રિયા ધીરેન વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. ફાલ્ગુની તથા સૌમીલ બ્રહ્મભટ્ટ (અમદાવાદ), પ.ભ. શાંતાબેન રવજીભાઈ પટેલ (નિકોલ), પ.ભ. દિનેશભાઈ આર. પટેલ (અમદાવાદ), પ.ભ. નરેશ ઘનશ્યામભાઈ ચાવડા (ચરાડવા), પ.ભ. ચંદ્રકાંતભાઈ સુંદરજીભાઈ ગોહિલ (અમદાવાદ), પ.ભ. બિપીનચંદ્ર હિરાલાલ સોની (બાવળા), પ.ભ. ગોવિંદભાઈ ઘનશ્યામભાઈ પટેલ (કરજીસણ), પ.ભ.અ.નિ. વાઘજીભાઈ માધવદાસ પટેલ (વડદલા), પ.ભ. ભગવતીબેન ઠક્કર પરિવાર, પ.ભ. પટેલ જ્યોત્સનાબેન ભીખાભાઈ (વડુ), પ.ભ. વિનોદચંદ્ર ડી. પટેલ (કપડવંજ), પ.ભ. શશીકાંત પ્રભાશંકર વ્યાસ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. ચંદ્રિકાબેન વાસુદેવભાઈ ખીચડીયા (સુરત), પ.ભ.અ.નિ. ભીખાલાલ અંબાલાલ ભાવસાર (અમદાવાદ), પ.ભ. પટેલ રાજેશભાઈ શિવલાલભાઈ (બજાણા). **ફાગણ વદ-૧૪** પ.ભ. કરશનભાઈ ભીમજીભાઈ જેસાણી સહ પરિવાર (દહીંસરા-કચ્છ), પ.ભ.અ.નિ. રામજીભાઈ ભીમજીભાઈ ભંડેરી સહ પરિવાર (દહીંસરા-કચ્છ). **ફાગણ વદ-૩૦** પ.ભ.અ.નિ. ધનુબેન નરસિંહભાઈ, પ.ભ.અ.નિ. સુભદ્રાબેન ઘનશ્યામભાઈ પટેલ (નાંદોલ), પ.ભ. રણછોડભાઈ માણેકલાલ (નારાયણપુરા), પ.ભ.અ.નિ. અમૃતભાઈ લવજીભાઈ ચૌધરી (બાલવા).

**ચૈત્ર સુદ-૧** પ.ભ. પ્રમોદભાઈ બિહારીલાલ પારેખ (હૈદ્રાબાદ), શ્રીહરિ પ્રસન્નાર્થે (ગાંધીનગર), પ.ભ. કૃષ્ણકુમાર વાડીલાલભાઈ (મોતીપુરા), પ.ભ. નારણભાઈ કુંવરજીભાઈ પિંડોરીયા (માધાપર-કચ્છ). **ચૈત્ર સુદ-૨** પ.ભ. પટેલ પાર્થ અતુલકુમાર (બાપુનગર), પ.ભ. બિજલ પાર્થ પટેલ (અમદાવાદ). **ચૈત્ર સુદ-૩** પ.ભ. વરસાણી કેશરા રત્ના કોડકી (ભવાનીપુર-કચ્છ). **ચૈત્ર સુદ-૪** પ.ભ. ઉર્મિલાબેન મહેશભાઈ પંચાલ (મુંબઈ), પ.ભ. ભૈરારામ તથા નરીંગારામ સમથારામજી (વાલી-રાજ.), પ.ભ. દિલીપભાઈ બાબુભાઈ પટેલ (વિહારવાળા), પ.ભ. નિલેશ ગોવિંદભાઈ પટેલ (સિંગરવા). **ચૈત્ર સુદ-૫** પ.ભ. પરેશભાઈ નાથાભાઈ દેસાઈ (ઓળીયા), પ.ભ.અ.નિ.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

કાંતાબેન ડાહ્યાભાઈ પટેલ (ચાંદખેડા), શ્રી કોર્પોરેશન (અમદાવાદ), પ.ભ. ધ્રુવિલ પટેલ (બાપુનગર), પ.ભ.અ.નિ. કિરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ (મોખાસણ). **ચૈત્ર સુદ-૬** પ.ભ. ખ્યાતિ નરેશ દેવાણી (હૈદ્રાબાદ). **ચૈત્ર સુદ-૭** પ.ભ. ગીતાબેન બળવંતભાઈ મેતલીયા (મુંબઈ), પ.ભ. ધ્યાન મિતેષ લાલજી પિંડોરીયા (નારાયણપર-કચ્છ), સાંખ્યયોગી મયુરીબા (હવેલી-કાલુપુર). **ચૈત્ર સુદ-૮** પ.ભ. વાલજી કરશન હિરાણી પરિવાર (બળદીયા-કચ્છ). **ચૈત્ર સુદ-૧૦** પ.ભ. નેહા કાંતિભાઈ ખીમાણી (દહીસરા-કચ્છ), પ.ભ. ગીતાબેન હરજીભાઈ હાલાઈ (ભુજ-કચ્છ), પ.ભ. વિવેક અને મનન જોબનપુત્રા (રાજકોટ), પ.ભ.અ.નિ. ડૉ. પાર્થ ગીરીશભાઈ પટેલ (લવારપુર), પ.ભ. રણજીતભાઈ ઠાકોર (અમદાવાદ), શ્રી બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજ પ્રસન્નાર્થે (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૨** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. ગોપાલભાઈ ગોરેચા (કેશોદ), પ.ભ. શૈલેષભાઈ દેવરાજભાઈ કાકડીયા (ચાંદખેડા), પ.ભ. ભક્તિભાઈ શિવદાસ પટેલ (વડુવાળા), પ.ભ.અ.નિ. ભરતભાઈ લક્ષ્મીચંદ ઠક્કર (અમદાવાદ), પ.ભ. માનસી જૈમિકકુમાર પટેલ (મોટેરા), પ.ભ. અરૂણાબેન ચંદ્રકાન્તભાઈ બેલાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. નિરૂપમા શ્રીનિવાસ પરિવાર (અમદાવાદ), પ.ભ. ભરતભાઈ જોધાણી (નિકોલ), પ.ભ.અ.નિ. રોહિતભાઈ ડાહ્યાભાઈ પટેલ (ખેરવા), પ.ભ. ચંપાબેન કેશુભાઈ મહિલા મંડળ (નિકોલ), સદ્. પૂ. બ્રહ્માનંદ સ્વામી પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ. જ્યોત્સનાબેન અરવિંદભાઈ ડાભી (અમદાવાદ), પ.ભ. સુરેશભાઈ અંબાલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. પુનાભાઈ રવજીભાઈ વેકરીયા (સુરત), પ.ભ.અ.નિ. વેલજીભાઈ ટપુભાઈ ટાંક (સેલવાસ), પ.ભ.અ.નિ. લાલજી વિસરામ ભુડિયા (કેરા-કચ્છ), પ.ભ. ગોપાલ રત્ના હિરાણી (સુરજપર-કચ્છ), પ.ભ.અ.નિ. વાસુદેવભાઈ ગજ્જર (અમદાવાદ), પ.ભ. પટેલ વિજયભાઈ હરમાનભાઈ (ખાનકુવા). **ચૈત્ર સુદ-૧૩** પ.ભ.અ.નિ. કેશરબેન પરબત ભુડિયા (કેરા-કચ્છ), અ.નિ. પૂજ્ય સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી (સ્વા. મંદિર ભુજ). **ચૈત્ર સુદ-૧૪** પ.ભ. મેનાબેન પ્રહલાદભાઈ (વડુ), પ.ભ.અ.નિ. રવજીભાઈ હરજીભાઈ (વાડાસર-કચ્છ). **ચૈત્ર સુદ-૧૫** પ.ભ. હંસાબેન કકલભાઈ પટેલ, અ.નિ. સદ્. સ્વામી નારાયણપ્રસાદદાસજીની પુણ્ય તિથિ નિમિત્તે (અમદાવાદ), પ.ભ. ધર્મેન્દ્રભાઈ રવજીભાઈ જેસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. અક્ષય રમેશભાઈ હિરાણી (કોડકી-કચ્છ).

**ચૈત્ર વદ-૧** પ.ભ. હરજી કરશન વેકરીયા સહ પરિવાર (બળદીયા-કચ્છ), પ.ભ.અ.નિ. ડાહ્યાલાલ જેઠાલાલ રાધનપુરા (રાજકોટ), પ.ભ.અ.નિ. ધનજી પ્રેમજી હાલાઈ (કોડકી-કચ્છ). **ચૈત્ર વદ-૨** પ.ભ. આકાશ હરેશકુમાર મોદી (અમદાવાદ), પ.ભ. જયંતી હિરજી ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ. ભીમજી રવજી મેઘજી વેકરીયા (બળદીયા-કચ્છ). **ચૈત્ર વદ-૩** પ.ભ. ઈશ્વરભાઈ પરસોતમદાસ પટેલ (પ્રાંતિયા), પ.ભ. અર્ચનાબેન હિરેનકુમાર બારૈયા, પ.ભ. અમૃતભાઈ જેઠાભાઈ પટેલ (સાપાવાડા), પ.ભ.અ.નિ. કાશીબેન મણીભાઈ પટેલ (પોર), ભક્તિ મહિલા મંડળ (રાજસ્થળી) (સુરત), પ.ભ. ચૌધરી રાજુભાઈ ગોવિંદભાઈ (બાલવા), પ.ભ. સોમચંદભાઈ રામજીભાઈ કોટક (અમદાવાદ). **ચૈત્ર વદ-૪** પ.ભ. અરવિંદ માવજી વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. કાનજી મનજી પિંડોરીયા (માંડવી-કચ્છ), પ.ભ. પ્રિયાબાઈ, મયુરીબાઈ, પ્રિયલબાઈ (ભુજ-કચ્છ), પ.ભ. હસ્મિતા મહેન્દ્ર કારા (માંડવી-કચ્છ). **ચૈત્ર વદ-૫/૬** પ.ભ.અ.નિ. પુષ્પાબેન અરવિંદભાઈ ગાંગાણી (અમદાવાદ), પ.ભ. રત્ના પ્રેમજી ભુડીયા સહ પરિવાર (સુરજપર-કચ્છ), પ.ભ.અ.નિ. ધીરજબેન મધુસુદન પટેલ (મહેળાવ). **ચૈત્ર વદ-૭** પ.ભ. નાનજીભાઈ કાનજીભાઈ આસાણી (દહીંસરા-કચ્છ), પ.ભ.અ.નિ. ચંદુલાલ ત્રિકમલાલ પટેલ (જમીયતપુરા), પૂજ્યશ્રી બિન્દુરાજા (અમદાવાદ સ્વા. બાગ), પ.ભ. પ.ભ. ગીતાબેન ભૂપતભાઈ જોબનપુત્રા (રાજકોટ). **ચૈત્ર વદ-૮** પ.ભ. જય શિવજી રાબડીયા (માંડવી-કચ્છ). **ચૈત્ર વદ-૯** પ.ભ. કૃણાલ પટેલ (અમદાવાદ), પ.ભ. દિવ્યેશ વેકરીયા (ભુજ-કચ્છ). **ચૈત્ર વદ-૧૦** પ.ભ. રાજુભાઈ વિઠ્ઠલદાસ પટેલ (મોખાસણ), પ.ભ. માવજી કાનજી હિરાણી (માનકુવા-કચ્છ). **ચૈત્ર વદ-૧૨** પ.ભ. જાદવા રામજી ખેતાણી સહ પરિવાર (સુખપર-કચ્છ), પ.ભ. વેલજી કરશન, દેવીબેન વેલજી કારા (કચ્છ), પ.ભ. તાસી કિશન, રમેશ ખેતાણી (સુખપર-કચ્છ), પ.ભ. સુરેશભાઈ બચુભાઈ પટેલ (સુરેન્દ્રનગર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ.અ.નિ. રમેશચંદ્ર કુબેરદાસ (માલવણ), પ.ભ.અ.નિ. પંકજભાઈ કાંતિલાલ પટેલ (ઈટાદરા), પ.ભ. ડૉ. મનીષભાઈ દેવચંદભાઈ (શિરોહી), પ.ભ. ક્રિયા વિકાશકુમાર (સાચોદર), પ.ભ. શિખા અલ્પેશ પિંડોરિયા પરિવાર (સરલી-કચ્છ), ભુજધામ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે - હ. પ.ભ. ભાવસારભાઈ, પ.ભ. પોપટભાઈ વેલજીભાઈ ચૌધરી કોઠારી (સોલૈયા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. નિર્વાન પિયુષભાઈ સેલડીયા, પ.ભ. દેવસી પ્રેમજી રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. હર્ષકુમાર ભરતભાઈ પટેલ (ગાંધીનગર). **ચૈત્ર વદ-૧૩** પ.ભ.અ.નિ. હંસાબેન સૂર્યકાંત (ઉંઝા), પ.ભ. નયનકુમાર દશરથભાઈ (ડુંગરી). **ચૈત્ર વદ-૧૪** પ.ભ. નાગજીભાઈ ચંદુભાઈ સોરઠીયા (અમદાવાદ). **ચૈત્ર વદ-૩૦** પ.ભ. જયપાલસિંહ જસુભા ઝાલા (ગાંધીનગર).

### અક્ષરનિવાસી સંતોને શ્રધ્ધાંજલિ

મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કૃષ્ણકેશવદાસજી (ઉ.વર્ષ ૭૮) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૨૬-૪-૨૩ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજી મંદિરના સ.ગુ. ઘનશ્યામ સ્વામી (બ્રહ્મચારી) તા. ૨૯-૪-૨૦૨૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



ચાંદીસણા ગામે પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



આર.સી.ટેકનીકલ (ઘાટલોડિયા) મંદિર પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





જીવરાજપાર્ક મંદિરના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા અને સભામા આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



જડેશ્વરપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



કડી અનમોલ વીલા નૂતન મંદિર નિમિત્તે રામકથા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

**પૂનમનાં ઠાકોરજીનાં થાળ, સંતો-ભક્તોને રસોઈ અને કથાનાં યજમાન**

**પ.ભ.શ્રી સંજયભાઈ રમણભાઈ શંકરભાઈ પટેલ**

**પ.ભ.શ્રી જીગર વિક્રમભાઈ પટેલ ● પ.ભ.શ્રી ભાવિક સંજયભાઈ પટેલ**

**(શ્રી રામદાસબાપા પરિવાર - ઉનાવા)**

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023




છપિયા નૂતન બાંધકામની સીધી દેખરેખ રાખતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી